પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૩/૦૭/૨૦૨૫, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૧ અષાઢ વદ-૧૪ વર્ષ : ૧૬ અંક : ૧૯૦

**સુવિચાર**

ખોટું કરતી વખતે ડાબી-જમણી બાજુ જોઈ લેનાર ફક્ત ઉપર જોવાનું કાયમ ભૂલી જાય છે !

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭




## ૧૪ જેટલા ઈસમોએ દંગલ કરતાં ખળભળાટ મચી ગયો'તો

# રાજુલામાં હાહાકાર મચાવનાર આરોપીને દબોચી લેવાયા

**ધોકા, પાઈપ વડે અન્ય વ્યક્તિઓ ઉપર હુમલા કર્યાની ઘટના સીસીટીવીમાં કેદ**

**પોલીસ અધિક્ષકનાં માર્ગદર્શનતળે પોલીસ અધિકારીઓએ સીસીટીવીનાં આધારે ૧૪ આરોપીને દબોચી લીધા**

**સરાજાહેર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખરાબ કરનાર ઈસમોનું જાહેરમાં રીકન્સ્ટ્રકશન થયું**

**શહેરીજનોમાં આરોપીનું રીકન્સ્ટ્રકશન નિહાળીને સલામતીની સુરક્ષાની લાગણી અનુભવી હતી**



અમરેલી, તા. ૨૨

રાજુલાની સરકારી હોસ્પિટલ, પીપાવાવ જેટી તથા શિયાળ બેટ ગામે સામાન્ય બાબતમાં થયેલ અલગ અલગ ઘટના બાદ પોલીસે અલગ અલગ ત્રણ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી હતી. આ બનાવમાં શિયાળબેટ ગામના સરપંચ સહિત ૧૪ આરોપીઓને પોલીસે દબોચી લઈ અને આરોપીઓ સાથે ઘટનાનું રાજુલા ખાતે રિકન્સ્ટ્રકશન કરવામાં આવતાં આરોપીઓને જોવા માટે લોકોના ટોળે ટોળા ઉમટયા હતાં.

રાજુલાના તુલસી હોટલની પાછળ આવેલ શ્રીજી સોસાયટીમાં રહેતા અને છેલ્લા વીસ વર્ષથી દરીયાનો દાયરો નામેથી એનજીઓ ચલાવતા અને કોર્ટમાં વકીલાત કરતા અરવિંદભાઈ ભીમજીભાઈ ખુમાણને અવાર નવાર પીડીત માણસોને મળવાનુ થતુ હોય તેમાં શીયાળબેટ ગામે કાનુની જાગૃતિના કાર્યક્રમ કરવા જતા હોય. ત્યારે ગઈકાલે સાગર લાખાભાઈ શીયાળને શિયાળ બેટ ગામે સાગરભાઈ સાથે રીક્ષાના

અનુસંધાન પાના ૬ ઉપર

## યુવકનું મકાન તોડી પાડવાની નોટિસ મળતા

# દોડધામ : જાફરાબાદની મામલતદાર કચેરીમાં યુવકનો આત્મવિલોપનનો પ્રયાસ

**પાલિકાનાં શાસકો અન્યાય કરતા હોવાનો આક્ષેપ**

જાફરાબાદ, તા. ૨૨

જાફરાબાદના રહીશ નિઝામઈસ્માઈલભાઈ કુંડલીયા નામના યુવકે મામલતદાર ઓફિસની બહાર જવલનશીલ પ્રવાહીથી આત્મ વિલોપનનો પ્રયાસ કરતા પોલીસ મામતલતદાર તથા નાયબ મામલતદાર અને સ્ટાફ ધ્વારા રોકવામાં આવ્યો.



આત્મવિલોપન કરનાર વ્યકિત ધ્વારા સ્વાગત કાર્યક્રમમાં નગરપાલિકા એન્જીનીયર વિરૂધ્ધ અરજી કરેલ હોય. આ બાબતે અધિકારીને સારૂન લાગ્યું એટલે આત્મવિલોપન કરનાર વ્યકિતને માનસિક અને શારીરિક ત્રાસ આપતા અને પાલિકા ધ્વારા એકને ગોળ અને

અનુસંધાન પાના ૬ ઉપર




## કોંગ્રેસ અગ્રણી નરેશ અધ્યારૂએ જિલ્લા કલેકટરને પત્ર પાઠવ્યો

# અમરેલીનાં રાજમહેલ પટાંગણમાં કાર્યરત બહુમાળી ભવનની મજબૂતાઈની ચકાસણી કરવા માંગ

**બંને ઈમારતો ઘણા સમયથી જર્જરિત હાલતમાં હોવાનુ જણાવ્યુ**

અમરેલી, તા. ૨૨

અમરેલીનાં કોંગી અગ્રણી નરેશનભાઈ અધ્યારૂએ જિલ્લા કલેકટરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લા કલેકટર કચેરી કંપાઉન્ડમાં જિલ્લા સરકારી કચેરીઓનુ બહુમાળી ભવન એ અને બી વિંગ ઘણા સમયથી જર્જરિત હાલતમાં કાર્યરત છે તેમ છતાં આ બિલ્ડીંગની મુદ્દત પૂર્ણ થયેલ હોવા છતા તાજેતરમાં તેમાં કરોડો

અનુસંધાન પાના ૬ ઉપર








## માર્ગ-મકાન વિભાગ માર્ગની મરામત કરવા સક્રીય

# અમરેલી જિલ્લાનાં અસરગ્રસ્ત ૨૬ પૈકી ૧૭ માર્ગોની મરામત પૂર્ણ

**માર્ગ-મકાન હસ્તકનાં ૫૩ માર્ગો ભારે વરસાદ વચ્ચે રહ્યા અડીખમ**

**ગંભીરા પુલની દુર્ઘટના બાદ માર્ગ-મકાન વિભાગે વરસાદી માહોલમાં મરામત કરી**

**જો માર્ગ બનતા હોય તે સમયે કાળજી લેવાઈ હોય તો મરામતની જરૂર ન પડે**

**જિલ્લામાં ચાલુ મૌસમમાં સામાન્ય વરસાદ પડતા જ અનેક માર્ગો ધોવાઈ ગયા**




અમરેલી, તા. ૨૨

અમરેલીજિલ્લામાંમાર્ગઅને મકાનરાજયહેઠળનાભારેવરસાદવચ્ચે ૫૩જેટલારસ્તાઓઅડીખમરહ્યાહતા, એટલેકે,આરસ્તાઓમાંમરામતકાર્યની કોઈ જરૂરિયાત રહી ન હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાનિર્દેશો મુજબ તંત્ર દ્વારા તેજગતિથી અને માર્ગ મરામતની કામગીરી કરવામાં આવી રહી છે.

જિલ્લામાં માર્ગ અને મકાન રાજ્ય હસ્તકના આશરે કુલ ૧૨૧૫ કિલોમીટરના ૪૦રાજયધોરીમાર્ગતથા ૩૯ મુખ્ય જિલ્લા માર્ગો આવેલા છે, આ રસ્તાઓ પૈકી ભારે વરસાદના પગલે ૨૬ જેટલા રસ્તાઓમાં મરામતની જરૂરિયાત જણાઈ હતી. જેમાં તંત્રએ ઝડપભેર કામગીરી કરીને ૧૭ જેટલા રસ્તાઓનું સમારકામ પૂર્ણ કરી દીધું છે. જયારે બાકી રહેલા ૧૦ રસ્તાઓનું રીપેરીંગ કામ પૂરજોશમાં કરવામાં આવી રહ્યું છે, આ કામ પણ ટૂંકમાં જ પૂર્ણ કરવામાં આવશે.

હાલમાં અસરગ્રસ્ત ૨૬ રસ્તાઓની ગણતરી ધ્યાને લઈને ૮૦ટકા જેટલી માર્ગ મરામતની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. આમ, માર્ગ અને મકાન રાજયહસ્તકના રસ્તાઓના સમારકામથી વાહનવ્યવહાર સરળ બન્યો છે.

### નાયબ ઈજનેર એમ.એચ. કાલાણી દ્વારા

## મોટા આંકડીયા ખાતે વીજ ગ્રાહકોને સોલાર રૂફટોપ અંગે માહિતી અપાઈ

**મોટી સંખ્યામાં ગામજનોએ માહિતી મેળવી**

અમરેલી, તા. ૨૨

અમરેલી મોડલ સોલાર વિલેજમાં પસંદગી પામેલ મોટા આંકડિયા ગામે પીજીવીસીએલના નાયબ ઈજનેર એમ.એચ. કાલાણી દ્વારા પ્રધાનમંત્રી સૂર્ય ઘર યોજના હેઠળ વીજ ગ્રાહકોને સોલાર રૂફટોપ અંગેની માહિતી અને સોલાર સબસીડીની જાણકારી આપવા માટેનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. સોલાર ફીટ થઈ ગયા પછી તેની જાળવણી કેવી રીતે કરવી અને સોલાર પ્લેટ રાત્રીના સમયે સાફ કરવાની જાણકારી આપવામાં આવેલ હતી. સોલાર રૂફટોપ લગાવ્યા બાદ વીજબચત અંગે માહિતી આપવામાં આવેલ હતી. આ ઉપરાંત ઘરમાં સલામતી માટે



ELCB લગાડવા અંગેની જાણકારી આપવામાં આવેલ હતી. મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત થયેલ હતાં. આવી સુંદર માહિતી આપવા બદલ ગ્રામજનો અને સરપંચ નાયબ ઈજનેરનો આભાર માનવામાં આવેલ હતો.

### ધારાસભ્ય જનક તળાવીયાની જહેમતથી

## લાઠી, બાબરા, દામનગર પંથકમાં રૂપિયા ૧૩,૩૯ કરોડનાં ખર્ચે શાળાઓનો કાયાકલ્પ થશે

**વાલીઓ અને ગ્રામજનોમાં ખુશીનો માહોલ**



અમરેલી, તા. ૨૨

લાઠી, બાબરા અને દામનગર મતવિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળાવિયાએ વધુ એક વિકાસલક્ષી પહેલ કરતાં, કુલ ૧૩ કરોડ અને ૩૭ લાખના વિવિધ કાર્યોને મંજૂરી અપાવી છે. આ ભંડોળ મુખ્યત્વે મતવિસ્તારની ૨૮ શાળાઓના રીનોવેશન, કમ્પાઉન્ડ વોલ, ટોયલેટ અને અન્ય સુવિધાઓના નિર્માણ માટે વાપરવામાં આવશે. ધારાસભ્ય દ્વારા વિકાસના આ કામોને મંજૂર કરાવતા સ્થાનિક લોકોમાં ભારે ખુશી અને સંતોષનો માહોલ જોવા મળી રહ્યો છે. તેઓએ હંમેશા શિક્ષણને પ્રાથમિકતા આપી છે, અને આ નવી પહેલ તેનો જ એક ભાગ છે. મંજૂર થયેલા ભંડોળમાંથી લાઠી, બાબરા અને દામનગર વિસ્તારની કુલ ૨૮ શાળાઓમાં નીચે મુજબની સુવિધાઓ ઉભી કરવામાં આવશે. શાળાઓના જૂના અને જર્જરિત ઓરડાઓનું સમારકામ અને આધુનિકીકરણ કરવામાં આવશે. જેથી વિદ્યાર્થીઓને ભણવા માટે વધુ સારૂ વાતાવરણ મળી રહે. સુરક્ષા અને શિસ્ત જાળવવા માટે શાળાઓમાં કમ્પાઉન્ડ વોલનું નિર્માણ અથવા સુધારણા કરવામાં આવશે. ટોયલેટ સુવિધાઓ સ્વચ્છ અને આધુનિક ટોયલેટ બ્લોક બનાવવામાં આવશે. જે ખાસ કરીને દીકરીઓના શિક્ષણ માટે પ્રોત્સાહક બનશે. શાળાઓની જરૂરિયાત મુજબ પાણી, વીજળી, બેઠક વ્યવસ્થા અને રમત-ગમતના મેદાનો જેવી પાયાની સુવિધાઓ પણ સુધારવામાં આવશે. ધારાસભ્ય આ પ્રયાસોને કારણે સ્થાનિકોમાં આનંદની લાગણી છવાઈ છે. લાંબા સમયથી શાળાઓમાં પાયાની સુવિધાઓના અભાવનો સામનો કરી રહેલા વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે આ એક મોટી રાહત સમાન છે. આ વિકાસ કાર્યોથી શિક્ષણનું સ્તર સુધરશે અને બાળકોને વધુ સારી રીતે અભ્યાસ કરવાની તક મળશે. ધારાસભ્યએ જણાવ્યું હતું કે, 'મારા મતવિસ્તારના લોકોના વિકાસ માટે હું કટિબદ્ધ છું. શિક્ષણએ કોઈપણ સમાજના વિકાસનો પાયો છે, અને તેથી જ શાળાઓમાં સુવિધાઓ વધારવા પર ભાર મૂકવામાં આવ્યો છે. મને વિશ્વાસ છે કે આ કાર્યોથી લાઠી, બાબરા અને દામનગરના ભવિષ્યને ઉજ્જવળ બનાવવામાં મદદ મળશે. આ ભંડોળના મંજૂર થવાથી આગામી સમયમાં શાળાઓમાં બાંધકામ અને સુધારણાના કાર્યો શરૂ થશ.

### ડેન્ગ્યુ માસ અંતર્ગત

## અમરેલીનાં વાંકીયા ગામે પોરાનાશક કામગીરી કરાઈ



અમરેલી, તા. ૨૨

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી આર.એમ. જોષી જિલ્લા મેલેરીયા અધિકારી, ડો. એ.કે. સીંગ તાલુકા હેલ્થ ઓફીસર, ડો. આર.કે. જાટ વાંકીયા મેડીકલ ઓફીસર ડો. પલ્વી ઠુંમ્મર, ડો. કીરણબેન શેલડીયાના માર્ગદર્શન હેઠળ વાંકીયા ગામ ખાતે સઘન મેલેરિયા ડેંગ્યુ અટકાવતી સબબ સઘન પોરાનાશક કામગીરી કરવામાં આવેલ. હાલ આ કામગીરી સબબ ગ્રામજનોને ખુલ્લા ટાંકામાં દવા નાખવી, ખુલ્લા ટાંકાને હવા ચુસ્ત ઢાંકવા સુચના આપેલ. પોરાભક્ષક માછલીઓ મુકેલ, ખાડા ખાબોચીયામાં બનેલ ઓઈલનો છંટકાવ કરેલ હતો. લોકોને સંપૂર્ણ ઢંકાય તેવા વસ્ત્રો પહેરવા સુચના આપવામાં આવેલ છે. ગ્રામજનોના મકાનોની છત પર વરસાદી પાણી ભરાતા નકામા પ્લાસ્ટીક, ટાપરો, કુંડાઓનો નિકાલ કરાવેલ હતો. ભવિષ્યમાં તકેદારી રાખવા સુચના આપેલ હતી. સાથે-સાથે પાણી જન્ય રોગોથી બચવા પંચાયતના પાણીના ટાંકામાં નિયમીત કલોરીનેશન કરવાની કામગીરી નિયમીત કરાવવામાં આવે છ. જરૂરિયાતવાળા વિસ્તારમાં ૫૦૦થી વધુ કલોરીન ટેબલેટનુ વિતરણ કરવામાં આવેલ હતું. લોકોને પાણી ઉકાળી પીવા સુચના આપેલ હતી. જેથી પાણી જન્ય રોગોથી બચી શકાય. પરપ્રાંતીય મજુરોનુ વાગીએ વાડીએ જઈ સ્ક્રીનીંગ પણ કરવામાં આવેલ હતું. આ સંપૂર્ણ કામગીરીને સફળ બનાવવા સ્થાનીક આરોગ્ય કર્મચારી એ.ડી. અગ્રાવત, કોમલબેન રાઠોડ, આશા નિતાબેન ભટ્ટી, મનીષાબેન પરમાર, કાજલબેન સિધ્ધપુરા, જયશ્રીબેન પરમાર દ્વારા સખત જહેમત ઉઠાવેલ હતી. સુપરવાઈઝર જી.ડી. ભગતનુ પણ માર્ગદર્શન મળેલ હતું.

### ''દીકરાનું ઘર'' વૃધ્ધાશ્રમ દ્વારા સતત આઠમાં વર્ષે ''વહાલુડીના વિવાહ''નું જાજરમાન આયોજન

## રાજકોટ : માતા-પિતા વિહોણી કે પિતાની છત્રછાયા ગુમાવેલ ૨૨ દીકરીઓના માવતરો બનવાનું સદ્ભાગ્ય ફરી એકવાર દીકરાના ઘરની ટીમને

**અનાથ દીકરીઓના જીવનમાં રંગ પુરાવાનો અવસર એટલે વહાલુડીના વિવાહ**

રાજકોટ, તા. ૨૨

સમાજથી તરછોડાયેલા નિરાધાર માવતરોની છેલ્લા ૨૭ વર્ષથી સેવા કરી રહેલું ''દીકરાનું ઘર'' વૃદ્ધાશ્રમ તેની વિવિધ સેવાકીય પ્રવૃત્તિથી સમગ્ર દેશ અને દેશની બહાર પ્રચલિત છે. હમેશા નોખું-અનોખું કરવું અને સમાજને કાંઈક નવું જ આપવું એ દીકરાનું ઘરની ટીમનો મિજાજ રહ્યો છે. સમાજ ઉપયોગી પ્રવૃત્તિએ દીકરાનું ઘરની ઓળખ બની ગઈ છે. સામાજિક, સંસ્કૃતિક, રચનાત્મક, શૈક્ષણિક અને માનવતાવાદી પ્રવૃત્તિથી ધમધમતું '' દીકરાનું ઘર'' વૃદ્ધાશ્રમ હંમેશા નોખું-અનોખું કાર્ય કરવા તૈયાર હોઈ છે. કુદરતી કે માનવસર્જિત આફતના સમયે ''દીકરાનું ઘર'' હંમેશા અગ્રેસર રહ્યું છે. સમગ્ર વિમાં કોરોનાએ હાહાકાર મચાવ્યો હતો ત્યારે ''દીકરાનું ઘર'' દ્વારા દ્વારા સતત સેવા પ્રવૃત્તિ થઈ હતી. ''દીકરાનું ઘર'' દ્વારા ૨૦૧૮થી માતા-પિતા વિહોણી કે પિતાની છત્રછાયા ગુમાવેલ નિરાધાર, નિઃસહાય, લાચાર, અત્યંત ગરીબ પરિવારની દીકરીઓના લગ્નનો અનેરો ઉત્સવ ઉજવવામાં આવે છે. '' વહાલુડીના વિવાહ'' શીર્ષક હેઠળ યોજાતો આ લગ્નોત્સવ આજે સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં સ્વીકૃત બન્યો છે. વહાલુડીના વિવાહએ માત્ર દીકરાનું ઘરનો પ્રસંગ ન બની રહેતા સમગ્ર સમાજનો પ્રસંગ હોય એ રીતે દિવ્ય અને ભવ્ય બની રહે છે. છેલ્લા સાત વર્ષથી વહાલુડીના વિવાહ અત્યંત જાજરમાન રીતે એક શ્રીમંત પિતા જે રીતે પોતાની દીકરીનો પ્રસંગ ઉજવે એ રીતે ઉજવવામાં આવે છે. ચાલુ સાલ પણ સતત આઠમાં વર્ષે આ અદકેરૂ આયોજન હાથ ધરાયું છે અને તેની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. વહાલુડીના વિવાહ ૮ના મુખ્ય યજમાન પદે રાજકોટ શહેરની સુખી અને સંપન્ન પરિવારની ત્રણ બહેનપણીઓ વર્ષાબેન કિરિટભાઈ આદ્રોજા, નીપાબેન રાજેશભાઈ કાલરીયા તથા કોષાબેન સુનિલભાઈ મહેતા જોડાયેલ છે. આગામી ૨૮ ડીસેમ્બરના રોજ સતત આઠમાં વર્ષે વહાલુડીના વિવાહ -૮ '' દીકરાનું ઘર'' દ્વારા અત્યંત ભવ્યાતીભવ્ય છતાં ગરિમાપૂર્ણ રીતે યોજાશે. ચાલુ સાલ ફરી એક વખત ૨૨ દીકરીઓના જરૂરીયાત મુજબનો સમૃદ્ધ કરીયાવર અર્પણ કરી તેના સાંસારીક જીવનમાં સુખી થાય એવા આશીર્વાદ સાથે વિદાય અપાશે. સતત આઠમાં વર્ષે દીકરાનું ઘરની ટીમને આવી દીકરીઓના માતા-પિતા કે ભાઈ બનવાનું સદ્ભાગ્ય મળ્યું છે જેમાં સમાજના સુખી સંપન્ન દાતાઓનો અનેરો સહયોગ મળતો રહે છે.

આ અંગેની વિશેષ માહિતી આપતા સંસ્થાના મુકેશ દોશી, અનુપમ દોશી, નલિન તન્ના, સુનિલ વોરા અને કિરીટભાઈ આદ્રોજાએ જણાવ્યું છે કે ' 'દીકરાનું ઘર'' દ્વારા ફરી એક વખત સતત આઠમાં વર્ષે પિતાની છત્રછાયા ગુમાવેલ કે માતા-પિતાની છત્રછાયા ગુમાવેલ દીકરીઓના જીવનમાં રંગ પુરાવાનો અવસર ઉભો કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે વહાલુડીના વિવાહ આજે સૌરાષ્ટ્રભરમાં ખ્યાતી પ્રાપ્ત બન્યા છે. સમાજના તમામ સ્તરેથી વહાલુડીના વિવાહને વ્યાપક સમર્થન મળી રહે છે. ૨૦૧૮થી શરૂ થયેલા આ વિવાહમાં શહેરના અત્યંત સુખીસંપન્ન દાતાઓ અને પરિવારો આગળ આવી રહ્યા છે. જેમાં ભાવેશભાઈ તળાવિયા પરિવાર, જાણીતા બિલ્ડર ધીરૂભાઈ રોકડ પરિવાર, પાણ ગ્રુપના મનસુખભાઈ પાણ પરિવાર, સંજયભાઈ ધમસાણીયા પરિવાર પણ યજમાન પદે અગાવ રહી ચુકયા છે. ચાલુ સાલ ''વહાલુડીના વિવાહ-૮'' અત્યંત ભવ્યાતીભવ્ય રીતે યોજાશે અને તે માટેની તૈયારી શરૂ કરી દેવામાં આવેલ છે. આ લગ્નની વિશેષતામાં ગુજરાતના કોઈ પણ ખૂણે દેશ કાજે શહીદ થયેલ જવાનની દીકરી અમારા પ્રયાને આવશે તો આવી દીકારીને તેમની ઈચ્છા મુજબના લગ્ન સંસ્થા દ્વારા કરાવી આપવામાં આવશે. ઉપરાંત પાંચ લાખથી વધુ રકમનો સમૃદ્ધ કરીયાવર પણ આપવામાં આવશે. ગુજરાતના કોઈ પણ ખૂણે આવા શહીદ થયેલ જવાનની દીકરી ધ્યાને હોય તો અમારા સુધી પહોંચાડવા અપીલ કરવામાં આવે છે.

વહાલુડીના વિવાહ-૮ની વિશેષ માહિતી આપતા મૌલેશભાઈ ઉકાણી, શિવલાલભાઈ આદ્રોજા, ડો. નીદતભાઈ બારોટ, પ્રતાપભાઈ પટેલ, ધીરૂભાઈ રોકડ, વલ્લભભાઈ સતાણી, વસંતભાઈ ગાદેશા તેમજ હસુભાઈ રાચ્છે વધુમાં જણાવ્યું છે કે દીકરાનું ઘર દ્વારા યોજાતા વહાલુડીના વિવાહ લગ્નોત્સવમાં પ્રત્યેક દીકરીઓને સમૃદ્ધ કરીયાવર ભેટ રૂપે ૩૦૦થી વધુ વસ્તુઓ ભેટ આપવામાં આવશે. જેમાં કબાટ, પલંગ, ટીપાઈ, ગાદલું, ઓશિકું, મિક્ષચર, ફ્રીજ, વોશીંગ મશીન, એર કુલર, પંખા, સોના-ચાંદીની નાની મોટી વસ્તુઓ, ઈમિટેશન સેટ, સંપૂર્ણ વાસણનો સેટ, ૩૧ જોડી કપડા સહીત લગભગ ૩૦૦થી વધુ વસ્તુઓ પ્રત્યેક દીકરીઓને ભેટ સ્વરૂપે આપવામાં આવશે. ''દીકરાનું ઘર'' દ્વારા જ્ઞાતિ, જાતી, ધર્મ, કે સંપ્રદાયના ભેદભાવ વગર આ પ્રસંગ ઉજવવામાં આવે છે. દીકરાનું ઘરના કુલ ૨૦૦થી વધુ કાર્યકર્તાઓ આ લગ્નોત્સવમાં વહાલુડીના વિવાહ સાથે ઉમંગથી જોડાયેલા છે. ''દીકરાનું ઘર'' દ્વારા અત્યાર સુધીમાં ૧૬૪ દીકરીઓના લગ્ન કરવામાં આવ્યા છે. ચાલુ સાલ વધુ ૨૨ દીકરીઓને હોંશે- હોંશે પરણાવવામાં આવશે.

આ ઉપરાંત વહાલુડીના વિવાહ લગ્નોત્સવમાં ભાગ લેનાર પ્રત્યેક દીકરીઓને સરકાર દ્વારા મળતી સહાય કુંવરબાઈનું મામેરૂ અને સપ્તપદીના સાત ફેરા હેઠળ સમાજ સુરક્ષા ખાતા તરફથી મળતી સહાય પણ અપાવવામાં સંસ્થા નિમિત બનશે તેમ સંસ્થાના સુનિલ મહેતા, ધર્મેશ જીવાણી, હરેશભાઈ પરસાણા, કિરીટભાઈ પટેલ, અનિભાઈ પટેલ, દીપકભાઈ જલુ, ગૌરાંગ ઠક્કર દ્વારા જણાવાયુ છે.

''દીકરાનું ઘર'' વૃદ્ધાશ્રમના સંસ્થાપક મુકેશ દોશીએ વધુમાં જણાવ્યું છે કે વહાલુડીના વિવાહ પ્રસંગએ અનાથ દીકરીઓના જીવનમાં રંગ પુરવાનો અવસર છે. વહાલુડીના વિવાહ પ્રસંગ અતિ ધામધુમથી ભવ્યથી ભવ્ય રીતેહજારો લોકોની હાજરીમાં ઠાઠમાઠથી ઉજવવામાં આવે છે. એક દીકરીના પિતા જયારે અચાનક દુનિયામાંથી વિદાય લે ત્યારે સમગ્ર કુટુંબમાં અંધારૂ છવાઈ જતું હોય છે ત્યારે આવી દીકરીઓને સમાજની હુંફ મળે, પ્રેમ મળે, લોકોના આશીર્વાદ મળે એવા ભાવથી આ પ્રસંગ કરવામાં આવે છે. આમ પણ કહેવાયું છે કે એક અમેઘ યજ્ઞ કરવથી જેટલું પુણ્ય નથી મળતું એનાથી અનેક ગણું પુણ્યનું ભાથું એક અનાથ દીકરીના જીવનમાં ખુશી લાવવાથી મળે છે.

આ અંગેની વિશેષ માહિતી આપતા સંસ્થાના ઉપેનભાઈ મોદી, હરદેવસિંહ જાડેજા, હરેન મહેતા, રાકેશભાઈ ભાલાળા, પ્રવીણભાઈ હાપલીયા, પ્રજ્ઞેશભાઈ પટેલ, શૈલેશભાઈ જાની, ડો. મયંકભાઈ ઠક્કર, ધનશ્યામભાઈ રાચ્છ, જયેશભાઈ સોરઠીયા, રાજદીપસિંહ જાડેજા, અજયભાઈ પટેલ, હરીશભાઈ હરીયાણી, દોલતભાઈ ગાદેશા, વિરાભાઈ હુંબલ, સંજયભાઈ દવે, અનિભાઈ આદ્રોજા, યશવંતભાઈ જોષીએ જણાવ્યું છે કે સંસ્થા દ્વારા અત્યાર સુધીમાં ૧૬૪ દીકરીઓને પરણાવવામાં આવેલ છે. ચાલુ સાલ વધુ ૨૨ દીકરી પ્રભુતામાં પગલા માંડશે. સંસ્થાના કાર્યકર્તામાં અનેરો ઉત્સાહ જોવા મળે છે. સંસ્થાના ૨૦૦થી વધુ કર્મઠ કાર્યકર્તાઓએ આ માટેની તૈયારી શઢ કરી દીધેલ છે.

વહાલુડીના વિવાહ-૮નું ફોર્મ વિતરણ તા. ૨૧/૭/૨૦૨૫ થી ૨૮/૮/૨૦૨૫ સુધી સાંજના ૪:૦૦ થી ૭:૦૦ સુધી ૩૦૫, ગુરૂરક્ષા કોમ્પ્લેક્ષ, ભારત ટ્રાવેલ્સની બાજુમાં વિરાણી ચોક, ટાગોર રોડ ઉપર કરવામાં આવશે. જેમાં ફોર્મ લેવા આવનાર દીકરીએ ઉમરનું પ્રમાણપત્ર સાથે લઈ આવવું ફરજીયાત રહેશે.

આ લગ્નોત્સવને સફળ બનાવવા હાર્દિક દોશી, પ્રનંદ કલ્યાણી, જીજ્ઞેશ આદ્રોજા, કેતન મેસવાણી, રાજુભાઈ વસંત, જીતુભાઈ ગાંધી, મહેશભાઈ જીવરાજાની, પરિમલભાઈ જોષી, જયેન્દ્રભાઈ મહેતા, હસુભાઈ શાહ, પારસ મોદી, પંકજ રૂપારેલીયા, વિપુલભાઈ ભટ્ટ, દિનેશભાઈ ગોવાણી, જીજ્ઞેશ પુરોહિત, ધીરજ ટીલાળા, આર.ડી. જાડેજા, ચેતન મહેતા, અતુલ વોરા, ડો. દીપકભાઈ પારેખ, વિમલ પાણખાણીયા, સાવન ભાડલીયા, શૈલેષ દવે, બ્રીજ વૈષ્ણવ, કામેબ માજી સહિતના કાર્યકર્તાઓ ભારે જહેમત ઉઠાવી રહેલ છે.

વહાલુડીના વિવાહ લગ્નોત્સવમાં દીકરીનો માતાની તેમજ મોટી બહેનની ભૂમિકામાં સક્રિય બહેનો ફાલ્ગુનીબેન કલ્યાણી, નિશાબેન મારૂ, ચેતનાબેન પટેલ, વર્ષાબેન આદ્રોજા, કલ્પનાબેન દોશી, કાશ્મીરાબેન દોશી, પ્રીતીબેન તન્ના, પ્રીતીબેન વોરા, રાધીબેન જીવાણી, રૂપા વોરા, વર્ષાબેન પોપટ, ગાર્ગી ઠક્કર, શિલ્પાબેન પટેલ, અલ્કાબેન પારેખ, ગીતાબેન એ. પટેલ, વર્ષાબેન આસોદરીયા, કૌશિકાબેન જીવરાજાની, દિનાબેનમોદી, હેમાબેન મોદી, મેસમીબેન કલ્યાણી, અરૂણાબેન વેકરીયા, કિરણબેન વડગામા, ગીતાબેન વોરા સહિતની બહેનો લગ્નોત્સવને યાદગાર બનાવવા સક્રિયપણે કામગીરી કરી રહી છે. લગ્નોત્સવ હેલ્પલાઈન ''વહાલુડીના વિવાહ-૮'' સંદર્ભે કોઈ માહિતી માટે તથા દીકરીઓને કરિયાવર રૂપી ભેટ આપવા ઈચ્છતા દાતાઓ સંસ્થાના મુકેશ દોશી-૯૮૨૫૦૭૭૭૨૫, સુનિલ વોરા-૯૮૨૫૨૧૭૩૨૦, નલિન તન્ના ૯૮૨૫૭૬૫૦૫૫, અનુપમ દોશી-૯૪૨૮૨૩૩૭૯૬ ઉપર સંપર્ક કરી શકે છે.

### વર્કરને કારણ વગર પરેશાન કરતાં હોવાનો આક્ષેપ

## જાફરાબાદના આંગણવાડી વર્કરોમાં સુપર વાઈઝરની કામગીરીને લઈને નારાજગી

**જિલ્લા વિકાસ અધિકારીને રજુઆત કરાશે**

જાફરાબાદ, તા. ૨૨

જાફરાબાદ ખાતે આવેલ આંગણવાડી જાફરાબાદ ગ્રુપના સુપરવાઈઝર બહેનોને માનસિક ત્રાસ આપી રહ્યા છે. જાણવા મળેલ છે કે આ સુપરવાઈઝરને કંઈપણ કામગીરી કરવામાં આવતી નથી સરકારી નિતિ નિયમોનો ઉલાળીયો કરવામાં આવે છે. મન પડે ત્યારે આવે છે. જયારે પત્રક મિટિંગ હોય છે ત્યારે બધા આંગણવાડી બહેનોને સવારથી બોલાવીને સાંજ સુધી બેસાડી રાખે છે. આ બાબતે કુદરતી ન્યાય અને સિદ્ધાંતની વિરૂધ્ધ છે. આ સુપરવાઈઝર બહેનોને મોબાઈલમાં વોટ્સએપ કોલ કરે છે અને જો આંગણવાડી વર્કર બહેનોનો નેટ ન ચાલું હોય તો આ સુપરવાઈઝર વર્કર બહેનો સાથે જેમ આવે તેમ ઉદ્ધતાઈભર્યું વર્તન કરવામાં આવે છે અને ઓફિસ ટાઈમે પણ આવતા નથી. આ સુપરવાઈઝર બહેનને આંગણવાડીનો સ્ટોક કેમ ફાળવવો તે પણ ખબર પડતી નથી પોતે મનઘડંત રીતે વર્તન કરે છે અને આ સુપરવાઈઝર આંગણવાડી વર્કર બહેનોના માસાલાના બિલો તથા ફળના બિલો કાપી નાંખે છે. આંગણવાડી નિયમિત ચાલુ હોવા છતાં નિયમિત બાળકોને નાસ્તો આપતા હોવા છતાં બહેનો સાથે અન્યાય ભર્યું વર્તન કરે છે. વર્કર બહેનોને સાથે અભદ્ર તિરસ્કાર યુક્ત ભાષા વાપરીને બોલાવે છે. આંગણવાડી પોતાની પેઢી હોય તેમ ચલાવે છે. આ રીતે બહેનોને માનસિક ત્રાસ આપી રહ્યા છે. આ બાબતે યોગ્ય પગલાં નહીં ભરવામાં આવે તો જીલ્લા વિકાસ અધિકારી અને પ્રોગ્રામ ઓફિસર તેમજ જીલ્લા કલેકટરને આ સુપરવાઈઝર વિરૂધ્ધ ઉગ્ર લેખિત રજૂઆત કરવામાં આવશે અને મહિલા બાળ વિકાસ વિભાગમાં ઉગ્ર રજૂઆત કરવામાં આવશે અને આંગણવાડી બહેનોમાં સુપરવાઈઝર ઉપર રોષ તેમજ આક્રોશ ઉભો થયો છે.

### રાષ્ટ્રપતિ મુર્મૂ સાથે કરી મુલાકાત

# રાજ્યસભાના ઉપ સભાપતિ હરિવંશને મળશે મોટી જવાબદારી?

**રાજ્યસભાના ઉપ સભાપતિ હરિવંશ નારાયણને મોટી જવાબદારી સોંપવાની અટકળો વહેતી થઈ**

નવીદિલ્હી,તા.૨૨

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડના રાજીનામાં બાદ રાજ્યસભાના ઉપ સભાપતિ હરિવંશ નારાયણને મોટી જવાબદારી સોંપવાની અટકળો વહેતી થઈ છે.

હરિવંશ નારાયણે આજે રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ સાથે મુલાકાત કરી હતી. તેમની આ મુલાકાત બાદ અત્યંત મહત્ત્વની છે. તેઓ ઉપરાષ્ટ્રપતિની રેસમાં પણ આગળ છે.

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડના અચાનક રાજીનામા બાદ આગામી ઉપરાષ્ટ્રપતિ કોણ બનશે તે અંગે ચર્ચા ચાલી રહી છે. રાજ્યસભાના ઉપ સભાપતિ હરિવંશ નારાયણ સિંહને આ પદ માટે સંભવિત ચહેરો માનવામાં આવી રહ્યો છે. જગદીપ ધનખડનો કાર્યકાળ ૧૧ ઓગસ્ટ ૨૦૨૭ સુધીનો હતો. જોકે, તેમણે સ્વાસ્થ્યના કારણોસર રાજીનામું આપ્યું હતું. બીજી બાજુ કોંગ્રેસનું કહેવું છે કે ભાજપે જ નીતિશ કુમારને પ્રમોટ કરવા માટે જગદીપ ધનખડ પર રાજીનામું આપવા દબાણ કર્યું હતું.

રાજ્યસભાના સભાપતિનું પદ ખાલી થયા બાદ હરિવંશ નારાયણ સિંહે કાર્યકારી સભાપતિ તરીકેની જવાબદારી સંભાળી લીધી છે. નવા ઉપરાષ્ટ્રપતિની પસંદગી ન થાય ત્યાં સુધી, તેઓ આ જવાબદારી નિભાવશે. તેમાં આજે રાષ્ટ્રપતિ મુર્મૂ સાથે મુલાકાત બાદ તેમને ઉપરાષ્ટ્રપતિ પદ માટે એક મજબૂત ચહેરો માનવામાં આવી રહ્યો છે. વધુમાં તેઓ JDUમાંથી આવે છે. બિહારમાં આગામી ચૂંટણીને ધ્યાનમાં લેતાં પીએમ મોદીના નેતૃત્વ હેઠળ રાજકીય રમત રમાઈ રહી હોવાના દાવાઓ વિપક્ષ દ્વારા થઈ રહી છે.

નિયમ એ છે કે જ્યારે ઉપરાષ્ટ્રપતિનું પદ ખાલી હોય ત્યારે શક્ય તેટલી વહેલી તકે ચૂંટણી કરવામાં આવે છે. ચૂંટણી પંચ ગમે ત્યારે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે જાહેરનામું બહાર પાડી શકે છે. જો ચૂંટણી યોજાય તો NDAની સ્થિતિ મજબૂત રહેશે. આ ચૂંટણીમાં રાજ્યસભા અને લોકસભાના સાંસદો મતદાન કરે છે. હાલમાં બંને ગૃહોમાં ૭૮૬ સભ્યો છે. આવી સ્થિતિમાં જીતવા માટે ઓછામાં ઓછા ૩૯૪ મતોની જરૂર પડશે.

### વિપક્ષી સાંસદોએ બેનર સાથે દેખાવો કર્યા

# સંસદમાં સતત હોબાળાના કારણે લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી સ્થગિત રખાઇ

**સત્ર શરૂ થતાં જ વિપક્ષી સાંસદોએ 'ઓપરેશન સિંદૂર' પર ચર્ચાની માંગણી સાથે ગૃહમાં સૂત્રોચ્ચાર શરૂ કરી દીધા હતા**

નવીદિલ્હી,તા.૨૨

સંસદમાં ચાલી રહેલા ચોમાસુ સત્રના બીજા દિવસે પણ વિપક્ષોએ ભારે હંગામો કર્યો છે, જેના કારણે લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી આવતીકાલ (૨૩ જુલાઈ) સુધી સ્થગિત કરી દેવાઈ છે. સત્રના પ્રથમ દિવસે વિપક્ષે પહલગામ આતંકી હુમલો અને ઓપરેશન સિંદૂર પર ચર્ચાની માંગ ઉઠાવી હતી,

ત્યારબાદ ભાગે હંગામાના કારણે બંને ગૃહોની કાર્યવાહી સ્થગિત કરવી પડી હતી. જોકે સોમવારે (૨૧ જુલાઈ) ચર્ચા બાદ રાજ્યસભાએ શિપિંગ ક્ષેત્રને લગતા 'કેરેજ બિલ ૨૦૨૫'ને ધ્વનિ મત દ્વારા મંજૂરી આપી છે.

આજે લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી બુધવાર સુધી સ્થગિત કરી દેવાઈ છે. વિપક્ષના સાંસદોએ બંને ગૃહોમાં વિવિધ મુદ્દાઓ પર જોરદાર હંગામો કર્યો હતો. વિપક્ષોએ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડના રાજીનામા મુદ્દે પણ હંગામો કર્યો હતો.

ગૃહોમાં બિહારમાં SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન-મતદારોની યાદીનું પુનઃનીરિક્ષણ) મુદ્દે પણ હંગામો થયો હતો. આજના દિવસે કુલ ત્રણ વખત ગૃહની કાર્યવાહી શરૂ કરવાનો પ્રયાસ કરાયો હતો, પરંતુ વિપક્ષના હંગામો અને વિરોધ-પ્રદર્શનના કારણે થોડી જ મિનિટોમાં કાર્યવાહી સ્થગિત કરવાની નોબત આવી હતી.

સત્ર શરૂ થતાં જ વિપક્ષી સાંસદોએ 'ઓપરેશન સિંદૂર' પર ચર્ચાની માંગણી સાથે ગૃહમાં સૂત્રોચ્ચાર શરૂ કરી દીધા હતા. બેનરો સાથે વિરોધ કરી રહેલા વિપક્ષી સાંસદોએ સરકાર પર સંવેદનશીલ મુદ્દાઓ પર ચર્ચા ટાળવાનો આરોપ લગાવ્યો હતો. વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ એવો પણ આરોપ લગાવ્યો કે, મારો બંધારણીત અધિકાર છતાં મને ગૃહમાં બોલવા દેવાતો નથી.

### પ્રોપર્ટી ખરીદનારાઓને મળશે મોટી રાહત

# ટીડીએસ પર મળતી ટેક્સ ડિમાન્ડ નોટિસ પર લેવાયો મહત્ત્વનો નિર્ણય

નવીદિલ્હી,તા.૨૨

આવકવેરા વિભાગ દ્વારા ડિડક્ટર્સ અને કલેક્ટર્સ પાસેથી ટીસીએસના શોર્ટ કલેક્શન અને ટીડીએસના શોર્ટ ડિડક્શનના કારણે પાઠવવામાં આવતી ઈનકમ ટેક્સ ડિમાન્ડ નોટિસમાં મોટી રાહત આપી છે. ઈનકમ ટેક્સ ડિપાર્ટમેન્ટે જણાવ્યું હતું કે, જો ચોક્કસ સમયમર્યાદામાં PAN ફરીથી કાર્યરત કરવામાં આવે તો, TDS/TCS ના શોર્ટ ડિડક્શન/કલેક્શનને કારણે પાઠવવામાં આવેલી તમામ ટેક્સ ડિમાન્ડ નોટિસ રદ કરવામાં આવશે. આવકવેરા વિભાગના આ નિર્ણયથી પ્રોપર્ટી-મકાન ખરીદનારાઓને મોટી રાહત મળશે.સેક્શન ૧૯૪-IA હેઠળ રૂ. ૫૦ લાખ કે તેથી વધુ કિંમત પર પ્રોપર્ટીના વેચાણ પર ખરીદદારોએ ૧ ટકા ટીડીએસ ચૂકવવો પડે છે. પરંતુ જો તેમનું પાન બિન-કાર્યક્ષમ હોય તો તેમણે ૨૦ ટકા ટીડીએસ ચૂકવવો પડે છે. જેમાં ઘણીવખત ૧ ટકા ટીડીએસ કપાતના કારણે અન્ય બાકીના ૧૯ ટકા ટીડીએસ માટે આવકવેરા વિભાગ દ્વારા ટેક્સ ડિમાન્ડ નોટિસ પાઠવવામાં આવે છે. નવા પરિપત્ર અનુસાર, જો તેઓ ૩૦ સપ્ટેમ્બર સુધી પાન લિંક કરાવી એક્ટિવ કરે તો તેમને આ નોટિસમાંથી રાહત મળશે. આવકવેરા વિભાગે જાહેર કર્યો પરિપત્ર

આવકવેરા વિભાગે ૨૧ જુલાઈ, ૨૦૨૫ના રોજ એક પરિપત્ર જાહેર કરી જણાવ્યું હતું કે, નીચેના કિસ્સાઓમાં, કાયદાની કલમ ૨૦૬AA/૨૦૬CC હેઠળ કર કપાત/વસૂલી માટે કપાતકર્તા/કલેક્ટર પર કોઈ જવાબદારી રહેશે નહીં:૧.૧ એપ્રિલ, ૨૦૨૪થી ૩૧ જુલાઈ, ૨૦૨૫ દરમિયાન ચૂકવવામાં આવેલી રકમ હોય અને ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ અથવા તે પહેલાં PAN સક્રિય કરવામાં આવે તો. (આધાર સાથે જોડાણના પરિણામે).

૨. જો રકમ ૧ ઓગસ્ટ, ૨૦૨૫ બાદ કે તે દિવસે જમા અથવા ચૂકવવામાં આવી હોય અને પાનકાર્ડ નંબર ચૂકવણી અને જમા રકમની તારીખથી બે મહિનાની અંદર સક્રિય કરવામાં આવ્યું હોય તો.

૩. પાન-આધાર લિંક્ડ હોવુ જરૂરી છે, જેથી ટીડીએસ-ટીસીએસ ડિડક્ટર અને કલેક્ટરને ટેક્સ ડિમાન્ડ નોટિસમાંથી રાહત મળી શકે. શું કહે છે પરિપત્ર?આ પરિપત્ર અનુસાર, જે કરદાતાઓના પાન આધાર સાથે લિંક નથી, તેમને ટેક્સ ડિમાન્ડ નોટિસમાં રાહત મળી શકે છે, જો તેઓ નિર્ધારિત સમયમર્યાદાની અંદર પાન કાર્યરત કરે. ટીડીએસના શોર્ટ ડિડક્શન તથા ટીસીએસના શોર્ટ કલેક્શન માટે પાઠવવામાં આવેલી કોઈપણ નોટિસ રદ થઈ શકે છે, જો પાન નિર્ધારિત સમયમર્યાદાની અંદર લિંક્ડ (કાર્યક્ષમ) કરવામાં આવે. ટેક્સ ડિડક્ટર્સ અને કલેક્ટર્સને TRACES પાસેથી ટ્રાન્ઝેક્શન પર નીચો કર લાગુ કરવા અસંખ્ય ટીડીએસ-ટીસીએસ ડિમાન્ડ નોટિસ મળે છે. આ પ્રકારના કરદાતાઓને ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધીમાં આધાર સાથે પાન લિંક કરવા ફરમાન પાડ્યું છે. જો તેઓએ પાન નંબર લિંક કરાવ્યો તો તેમને આ નોટિસમાંથી રાહત મળશે.

### જિલ્લા કલેક્ટરનાં અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઇ

# અમરેલી જિલ્લામાં ૬ ઓગસ્ટથી સંસ્કૃત સપ્તાહની ત્રિ-દિવસીય ઉજવણી

**સંસ્કૃતભાષા વિશે વિદ્યાર્થીઓને અવગત કરાશે**

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લામાં સંસ્કૃત સપ્તાહ અંતર્ગત તા.૬ થી ૮ ઓગસ્ટ, ૨૦૨૫દરમિયાનસંસ્કૃતભાષાનાસંવર્ધન અને પ્રચાર–પ્રસાર માટે રચનાત્મક કાર્યક્રમો યોજાશે. આ કાર્યક્રમના સુચારૂ આયોજન અર્થે જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઇ હતી. જેમાંસંસ્કૃતસાહિત્યઅનેભાષાજન માનસસુધીપ્રસરેતેમાટેવિવિધકાર્યક્રમોનું આયોજન કરવા માટે પરામર્શ કરવામાં આવ્યો હતો.

ગુજરાત રાજય સંસ્કૃત બોર્ડ દ્વારા સંસ્કૃતભાષાનોપ્રચાર–પ્રસારથાય જે માટે સંસ્કૃત પંચકમ યોજના પણ કાર્યરત છે. ત્યારે સંસ્કૃત સપ્તાહની ત્રણ દિવસ સુધી સવિશેષ ઉજવણી કરવામાં આવશે. જિલ્લાના સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગીશાળા કોલેજોમાં સંસ્કૃતભાષાનો વ્યાપ વધે તે માટે વિવિધ કાર્યક્રમો થશે, જેથી વિદ્યાર્થીઓ સંસ્કૃત ભાષાના મહત્વ વિશે વાકેફ થઇ શકે.

અમરેલી જિલ્લાના ધારી તાલુકાના ચલાલાના સંસ્કૃત શક્તિ ગરૂકુળ ખાતેથી જિલ્લા કલેકટર તા.૬ ઓગસ્ટના રોજ સંસ્કૃત ગૌરવ યાત્રાને પ્રસ્થાન કરાવશે. બીજા દિવસે જિલ્લાની તમામ શાળાઓમાં સંસ્કૃત પ્રચાર પ્રસાર સંવર્ધનને લગતી પ્રવૃત્તિઓ થશે. આ ઉપરાંત જિલ્લાના અધિકારીઓ પણ સોશિયલ મીડિયાના માધ્યમથી જન સમૂહને સંદેશ આપશે. તૃત્તિય દિવસે જિલ્લા કક્ષાએ વિવિધ સ્પર્ધાઓ યોજાશે. સંસ્કૃત ગોષ્ઠિ, ચિત્ર સ્પર્ધા, પોસ્ટર નિર્દશન કરવામાં આવશે. શ્રેષ્ઠ કૃતિઓને બિરદાવવામાં આવશે.

સંસ્કૃત સપ્તાહ અંતર્ગત ત્રિ–દિવસીય કાર્યક્રમના આયોજન અર્થે યોજાયેલ આ બેઠકમાં, જિલ્લા કક્ષા અમલીકરણ સમિતિ ઉપાધ્યક્ષ અને જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, જિલ્લા શિક્ષણાધિકારી એમ.બી. ગોહિલ, નાયબ જિલ્લાપ્રાથમિક શિક્ષણાધિકારી જી.એમ. સોલંકી, નોડલ અધિકારી આશિષભાઈ જોશી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય, સંસ્કૃત તજજ્ઞો, સભ્યઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમ અમરેલી જિલ્લા શિક્ષણાધિકારીએએકયાદીમાંજણાવ્યુછે.

### દિલ્હી સરકારનો મોટો નિર્ણય

# ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીતનારને મળશે ૭ કરોડ

**આ સાથે જ ઓલિમ્પિકમાં ગોલ્ડ, સિલ્વર જીતનારને ગ્રુપ એની નોકરી અને ઓલિમ્પિકમાં બ્રોન્ઝ જીતનારને ગ્રુપ બીની નોકરી અપાશે**

નવીદિલ્હી,તા.૨૨

દિલ્હી સરકારે એક મહત્વનો નિર્ણય લીધો છે. ઓલમ્પિકમાં જીતનાર ખેલાડીઓને મળતી રોકડ રકમમાં વધારો કર્યો છે. આ ઉપરાંત એશિયાડ, કોમન વેલ્થ ગેમ્સ અને નેશનલ ગેમ્સમાં પણ મેડલિસ્ટને મળતી ઈનામની રકમમાં વધારો કરવામાં આવ્યો છે.

પહેલા ઓલિમ્પિક જીતવા પર ૩ કરોડ, ૨ કરોડ અને ૧ કરોડ મળતા જેમાં હવે વધારો કરવામાં આવ્યો છે. ગોલ્ડ મેડલ માટે ૭ કરોડ, સિલ્વર મેડલ માટે ૫ કરોડ અને બ્રોન્ઝ મેડલ માટે ૩ કરોડ અપાશે. આ સાથે જ ઓલિમ્પિકમાં ગોલ્ડ, સિલ્વપ જીતનારને ગ્રુપ એની નોકરી અને ઓલિમ્પિકમાં બ્રોન્ઝ જીતનારને ગ્રુપ બીની નોકરી અપાશે. અન્ય રમતોમાં પણ જીતનારને એ, બી અને સી કેટેગરીમાં નોકરી અપાશે.

આ ઉપરાંત જેઓ ધોરણ ૧૦માં સારા માર્કસથી પાસ થશે તેને લેપટોપ અપાશે. દિલ્હી સરકાર ૧૭૫ સરકારી શાળાઓમાં કમ્પ્યુટર લેબ પણ બનાવશે. તેઓૈં ઝ્ લેબ્સ સ્થાપશે જે ઝ્મ્જીઈ દ્વારા માન્ય પરિમાણો પર હશે.

આ લેબમાં ૪૦ કોમ્પ્યુટર્સ હશે. મહત્વનું છે કે દિલ્હીમાં ૧૦૭૪ સરકારી શાળાઓ છે જેમાં ક્યાંય પણ કોમ્પ્યુટર લેબ નથી. સીએસઆર દ્વારા ૧૦૦ આઈસીટી લેબ્સ બનાવી જ્યારે કેન્દ્ર સરકારે ૯૦૭ લેબ્સ માટે પૈસા આપ્યા પરંતુ પાછલી સરકારે તેનું કાર્ય પૂર્ણ ન કર્યું.

### દિશા વાકાણી અંગે પ્રોડ્યુસરે તોડ્યું મૌન

# ૮ વર્ષ બાદ 'દયાબેન' તારક મહેતા શોમાં કરશે વાપસી?

**તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા શો વર્ષ ૨૦૦૮માં શરૂ થયો હતો અને આ શોને ૧૭ વર્ષ થઈ ગયા છે**

મુંબઈ, તા.૨૨

છેલ્લા ૧૭ વર્ષથી, લોકપ્રિય ટીવી શૉ તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ચાહકોનું મનોરંજન કરી રહ્યો છે. આ ટીવી શૉ સાથે લોકોના બાળપણની ઘણી યાદો જોડાયેલી છે. આ એવા પસંદગીના શૉમાંથી એક છે જે ફક્ત હિટ જ નથી પરંતુ આ શૉના બધા પાત્રો પણ ખૂબ જ હિટ રહ્યા છે. પરંતુ શૉમાં જે પાત્ર લોકોને સૌથી વધુ ગમ્યું છે તે દયાબેનનું પાત્ર છે. લાંબા સમયથી તેને શૉમાં પાછી લાવવાની માંગ કરવામાં આવી રહી છે. આ અંગે શૉના પ્રોડ્યુસર અસિત કુમાર મોદીએ મૌન તોડ્યું છે. પ્રોડ્યુસર અસિત કુમાર મોદીએ એક ઈન્ટરવ્યૂમાં દયાબેનના વાપસી વિશે જણાવ્યું હતું કે, 'દિશા વાકાણીએ દર્શકો પર ઊંડી છાપ છોડી છે અને અમે તેને નાના પડદા પર જોયાને ૮ વર્ષ થઈ ગયા છે. તેનું પાત્ર હજુ પણ દર્શકોના દિલમાં વસે છે. તેને પાછી લાવવી મુશ્કેલ છે અને એ કામ એટલુ સરળ પણ નથી. આ માટે, યોગ્ય સમય અને યોગ્ય સંજોગોની રાહ જોવી પડશે.'આ જ અંગે વધુમાં વાત કરતા પ્રોડ્યુસરે કહ્યું કે, 'મારું પૂરેપૂરું ધ્યાન હાલ સ્ટોરીટેલીંગ પર છે. મારું એવું માનવું છે કે વાર્તા મજબૂત હોય તો દર્શકો તેને સારી રીતે માણે છે. આથી જ્યારે વાર્તા મજબૂત



હોય ત્યારે પાત્રની ગેરહાજરી વધુ અનુભવાતી નથી. આ શૉ હંમેશા એક મજબૂત વાર્તાના કારણે આગળ વધ્યો છે. જ્યાં સુધી અમે અદભુત અને રસપ્રદ કન્ટેન્ટ આપતા રહીશું, ત્યાં સુધી દર્શકો શૉ સાથે જોડાયેલા રહેશે. પછી ભલે અમુક પાત્ર શૉમાં રહે કે ના રહે.' શૉ વિશે વાત કરીએ તો, તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા શૉ વર્ષ ૨૦૦૮માં શરૂ થયો હતો. આ શૉને ૧૭ વર્ષ થઈ ગયા છે અને અત્યાર સુધીમાં તેના ૪૩૧૦ એપિસોડ પ્રસારિત થયા છે. આ આંકડો ખૂબ મોટો છે અને ભાગ્યે જ કોઈ સિરિયલમાં આનાથી વધુ એપિસોડ હશે. શૉમાં દિશા વાકાણી વિશે વાત કરીએ તો, તે પહેલા ૧૦ વર્ષ સુધી આ શૉનો ભાગ હતી. પરંતુ આ પછી દિશાએ દીકરીને જન્મ આપ્યો હોવાથી વર્ષ ૨૦૧૭માં જ શૉ છોડી દીધો હતો.

### ૨૨ કરોડ લોકો ઉપયોગ કરે છે આ એપ્સનો

# ભારતમાં ગૂગલ અને મેટાની મુશ્કેલીમાં વધારો થયો

**ખોટી બ્રાન્ડના પ્રમોશન માટે પ્લેટફોર્મનો કરવામાં આવતો હતો ઉપયોગ**

મુંબઈ,તા.૨૨

ભારતમાં ગૂગલ અને મેટાની મુશ્કેલીમાં સતત વધારો થઈ રહ્યો છે. ED દ્વારા તેમને ફરી સમન્સ મોકલવામાં આવ્યાં છે. ગૂગલ અને મેટા પર ગેરકાયદેસર સટ્ટાબાજીની એપ્લિકેશનની એડ્સ ચલાવવા માટે બંને કંપનીઓને ૨૮ જુલાઈએ ED દ્વારા હાજરી આપવા માટે સમન્સ મોકલવામાં આવ્યાં છે. આ પહેલાં ગૂગલ અને મેટાએ કાયદાકીય દસ્તાવેજો ચોક્કસ ન હોવાથી હાજરી આપવા માટે તૈયારી નહોતી દેખાડી અને નવી તારીખની માગણી કરી હતી. આથી હવે તેમને જરૂરી પેપરની સાથે ૨૮ જુલાઈએ હાજર રહેવા માટે કહેવામાં આવ્યું છે.EDને તેમની તપાસમાં જાણવા મળ્યું હતું કે ગૂગલ અને મેટાનો ઉપયોગ ખોટી બ્રાન્ડના પ્રચાર અને ઓનલાઈન સટ્ટાબાજી ચલાવનાર એપ્લિકેશનની એડ્સ માટે કરવામાં આવતો હતો. આ એપ્લિકેશન પ્રતિબંધ હોવા છતાં દેશભરના કરોડો યુવાનોને ગેરમાર્ગે દોરવાનું કામ કરે છે. સટ્ટાબાજીની આ એપ્લિકેશન યુવાનોમાં નશાની જેમ કામ કરી રહી છે અને તેમને એની લત લાગી ગઈ છે.

ભારતમાં કુલ ૨૨ કરોડ લોકો આ પ્રકારની સટ્ટાબાજીની એપ્લિકેશન સાથે જોડાયેલા છે. એમાંથી ૧૧ કરોડ લોકો રોજના એના પર રમતા જોવા મળે છે. ૨૦૨૫ના પહેલાં ત્રણ મહિનામાં આ એપ્લિકેશન પર લગભગ ૧.૬ અરબ વાર લોકોએ વિઝિટ કરી હતી. ભારતમાં સટ્ટાબાજીનું બજાર હવે ૧૦૦ અરબ ડોલર સુધી પહોંચી ગયું છે. દર વર્ષે હવે ?૨૭૦૦૦ કરોડ રૂપિયાનો ટેક્સ પણ બચાવવામાં આવે છે. આ કેસમાં ભારતની જુદી-જુદી ઈન્ડસ્ટ્રીની ઘણી સેલિબ્રિટીઝને પણ સમન્સ મોકલવામાં આવ્યાં છે. આ સેલિબ્રિટીઝે પૈસાની લાલચમાં આ એપ્લિકેશનની એડ્સમાં કામ કર્યું છે જે સીધું યુવાનો અને સમાજને ગેરમાર્ગે દોરવાનું કામ કરે છે.

કેટલાક એક્સપર્ટનું કહેવું છે કે આ પ્રકારની એપ્લિકેશન માનસિક રોગનું કારણ બની રહી છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા પણ આ પ્રકારની એપ્લિકેશનને માનસિક રોગને નોતરતી કહેવામાં આવી છે. ભારતમાં અત્યાર સુધીમાં આ એપ્લિકેશનની લતનો શિકાર બનેલા હજારો લોકો આત્મહત્યા કરી ચૂક્યા છે. આત્મહત્યા કરનારામાં વિદ્યાર્થી, ગૃહિણીઓ અને બેરોજગાર યુવાનોનો સમાવેશ થાય છે. તેલંગાનામાં કરવામાં આવેલી એક અરજી અનુસાર ફક્ત આ એક રાજ્યમાં ઓનલાઈન સટ્ટાબાજીને કારણે અત્યાર સુધી ૧૦૨૩ થી વધુ લોકોએ આત્મહત્યા કરી છે.

આ ખૂબ જ ગંભીર વિષય હોવાથી ગૂગલ અને મેટા પર તવાઈ આવી છે. તેમણે હવે કોઈ પણ એપ્લિકેશનની એડ્સ રજૂ કરવા પહેલાં કેટલાક નિયમોનું પાલન કરવું પડશે. જો તેઓ હવે આવી એડ્સને દેખાડશે તો તેમના વિરુદ્ધ સરકાર દ્વારા સખત પગલાં લેવામાં આવશે

### આર્ટિકલ ૬૭(A)નો આપ્યો હવાલો

# ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે અચાનક પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું

**સ્વાસ્થ્ય સંભાળને પ્રાથમિકતા આપવા અને તબીબી સલાહનું પાલન કરવા માટે, હું બંધારણની કલમ ૬૭ (A) મુજબ તાત્કાલિક અસરથી ભારતના ઉપરાષ્ટ્રપતિ પદ પરથી રાજીનામું આપું છું**

નવીદિલ્હી,તા.૨૨

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. જાણકારી અનુસાર, તેમણે સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓના કારણે રાજીનામું આપ્યું છે. મળતી માહિતી અનુલાર જગદીપ ધનખડે સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓના કારણે પોતાના પદ પરથી રાજીનામું આપ્યું છે. તેમણે પોતાના રાજીનામામાં કલમ ૬૭ (A)નો ઉલ્લેખ કર્યો છે. તેમણે લખ્યું છે કે, સ્વાસ્થ્ય સંભાળને પ્રાથમિકતા આપવા અને તબીબી સલાહનું પાલન કરવા માટે, હું બંધારણની કલમ ૬૭ (A) મુજબ તાત્કાલિક અસરથી ભારતના ઉપરાષ્ટ્રપતિ પદ પરથી રાજીનામું આપું છું.

રાષ્ટ્રપતિને સંબોધિત પત્રમાં તેમણે લખ્યું કે, 'હું ભારતના માનનીય રાષ્ટ્રપતિના પ્રતિ અતૂટ સમર્થન અને મારા કાર્યકાળ દરમિયાન બનેલા સુખદ અને અદ્ભુત કાર્યકારી સંબંધો માટે ઊંડો આભાર વ્યક્ત કરું છું.' હું માનનીય પ્રધાનમંત્રી અને તેમના માનનીય મંત્રી પરિષદનો ઊંડો આભાર વ્યક્ત કરું છું. પ્રધાનમંત્રીનો સહકાર અને સમર્થન અમૂલ્ય રહ્યું છે અને મેં મારા કાર્યકાળ દરમિયાન તેમની પાસેથી ઘણું શીખ્યું છે.

તેમણે આગળ લખ્યું કે, 'સંસદના તમામ માનનીય સભ્યો તરફથી મને મળેલી હૂંફ, વિશ્વાસ અને સ્નેહ હંમેશા મારી સ્મૃતિમાં રહેશે. હું આપણા મહાન લોકશાહીમાં ઉપરાષ્ટ્રપતિ તરીકે મળેલા અમૂલ્ય અનુભવો માટે હું ખૂબ આભારી છું.' આ સમય દરમિયાન ભારતની પ્રગતિ અને વિકાસનો સાક્ષી બનવું અને તેમાં ભાગ લેવો મારા માટે એક લહાવો રહ્યો છે. આપણા રાષ્ટ્રના ઈતિહાસના આ પરિવર્તનશીલ યુગમાં સેવા આપવી મારા માટે ખરેખર સન્માનની વાત રહી છે. આ પ્રતિષ્ઠિત પદ છોડતી વખતે, હું ભારતના વૈશ્વિક ઉદય અને અભૂતપૂર્વ સિદ્ધિઓ પર ગર્વ અનુભવું છું અને તેના ઉજ્જ્વળ ભવિષ્યમાં અતૂટ વિશ્વાસ અનુભવું છું. સંવિધાનનું આર્ટિકલ ૬૭ ઉપરાષ્ટ્રપતિના કાર્યકાળ સાથે સંબંધિત છે અને આર્ટિકલ ૬૭ની સેક્શન A મુજબ, એક ઉપરાષ્ટ્રપતિ, રાષ્ટ્રપતિને સંબોધિત તેમની સહી સહિત પત્ર (રાજીનામું) લખીને તેમના પદ પરથી રાજીનામું આપી શકે છે. આર્ટિકલ ૬૭ના અન્ય એક સેક્શન અનુસાર ઉપરાષ્ટ્રપતિ તેમના કાર્યકાળની સમાપ્તિ પછી પણ તેમના અનુગામી પદ સંભાળે ત્યાં સુધી પદ પર રહેશે

### સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને રાજ્ય સરકારોને પાઠવી નોટિસ

# બિલોને મંજૂરી આપવા રાષ્ટ્રપતિ માટે પણ નક્કી થશે ટાઈમલાઇન?

**કેન્દ્ર સરકાર અને તમામ રાજ્ય સરકારોને નોટિસ પાઠવી જવાબ માંગ્યો છે આગામી સુનાવણી ઓગસ્ટના મધ્યમાં હાથ ધરવામાં આવશે**

નવીદિલ્હી,તા.૨૨

રાષ્ટ્રપતિ અને રાજ્યપાલ દ્વારા વિધાનસભામાં પસાર કરવામાં આવેલા બિલ પર નિર્ણય લેવામાં આવે છે, અત્યાર સુધી બિલ પર મહોર મારવા માટે કોઈ સમયમર્યાદ ન હતી, પરંતુ સુપ્રીમ કોર્ટે ૮ એપ્રિલના રોજ ઐતિહાસિક નિર્ણય લઈને સમયમર્યાદા નિર્ધારીત કરવાનો નિર્ણય લીધો હતો. ત્યારબાદ રાષ્ટ્રપતિ મુર્મૂએ સુપ્રીમ કોર્ટના નિર્ણયનો વિરોધ કરી બિલની ડેડલાઈન તથા 'પાવર' મુદ્દે ૧૪ સવાલ પૂછ્યા હતા. જોકે સુપ્રીમ કોર્ટે આ ઐતિહાસિક નિર્ણય પર ફેર વિચારણા શરૂ કરી દીધી છે. હવે સુપ્રીમ કોર્ટની પાંચ ન્યાયાધીશોની બેંચ રાષ્ટ્રપતિના ૧૪ સવાલો મામલે આજે (૨૨ જુલાઈ) સુનાવણી હાથ ધરી કેન્દ્ર સરકાર અને તમામ રાજ્ય સરકારોને નોટિસ પાઠવી જવાબ માંગ્યો છે. આગામી સુનાવણી ઓગસ્ટના મધ્યમાં હાથ ધરવામાં આવશે.

સુપ્રીમ કોર્ટે ઐતિહાસિક નિર્ણય લઈને રાષ્ટ્રપતિ-રાજ્યપાલોને કોઈપણ વિધેયકને મંજૂરી આપવા માટે સમયમર્યાદા નિર્ધારીત કરવા કહ્યું હતું, ત્યારબાદ રાષ્ટ્રપતિએ કોર્ટના નિર્ણય પર સવાલ ઉઠાવ્યા હતા. હવે રાષ્ટ્રપતિના ૧૪ સવાલો મામલે આજે સુનાવણી હાથ ધરાઈ હતી, જેમાં મુખ્ય ન્યાયાધીશ બી.આર.ગવઈ, ન્યાયાધીશ સૂર્ય કાંત, ન્યાયાધીશ વિક્રમ નાથ, ન્યાયાધીશ પી.એસ.નરસિમ્હા અને ન્યાયાધીશ એ.એસ.ચંદૂરકરની બેંચે ઓગસ્ટના મધ્યમાં આગામી સુનાવણી હાથ ધરવાનો નિર્ણય લીધો છે. સુપ્રીમના ઐતિહાસિક નિર્ણય બાદ રાષ્ટ્રપતિએ શું કહ્યું હતું?

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ બંધારણની કલમ ૧૪૩(૧) હેઠળ સુપ્રીમ કોર્ટને સવાલ કર્યો હતો કે, શું સુપ્રીમ કોર્ટ કલમ ૨૦૧ હેઠળ રાજ્યપાલો દ્વારા અનામત રાખવામાં આવેલા બિલ પર નિર્ણય

લેવા માટે રાષ્ટ્રપતિ માટે ત્રણ મહિનાની સમય મર્યાદા નિશ્ચિત કરી શકે છે? જોકે, બંધારણમાં આવી કોઈ જોગવાઈ નથી. ન્યાયાધીશ ભૂષણ રામકૃષ્ણ ગવઈએ સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ લીધાના બીજા જ દિવસે રાષ્ટ્રપતિએ સુપ્રીમ કોર્ટ સામે મોટો સવાલ ઊભો કરી દીધો હતો. સુપ્રીમ કોર્ટે તમિલનાડુ વિ. ગવર્નર કેસમાં ૮ એપ્રિલે ચૂકાદો આપ્યો હતો કે, રાજ્યપાલ કે રાષ્ટ્રપતિ કોઈ બિલને અનિશ્ચિતકાળ સુધી રોકી શકે નહીં.રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ બંધારણની કલમ ૧૪૩(૧) હેઠળ તેમને મળેલી સત્તાનો ઉપયોગ કરતા સુપ્રીમ કોર્ટને પાંચ પાનાના રેફરન્સમાં ૧૪ સવાલ કર્યા છે. આ સાથે રાષ્ટ્રપતિએ વિધાનસભા અને સંસદ દ્વારા પસાર કરેલા બિલો અંગે કલમ ૨૦૦ અને કલમ ૨૦૧ હેઠળ રાજ્યપાલ, રાષ્ટ્રપતિની સત્તાઓ અંગે સુપ્રીમ કોર્ટનો મત માગ્યો છે. સુપ્રીમ કોર્ટ રાષ્ટ્રપતિને કોઈપણ સવાલોનો અથવા બધા સવાલોનો જવાબ આપવાનો ઈનકાર કરી શકે છે. કલમ ૨૦૦ રાજ્ય વિધાનસભા દ્વારા બિલ પસાર કરવા સંબંધિત પરિસ્થિતિઓ અને રાજ્યપાલ પાસે સંમતિ આપવા અથવા સંમતિ રોકવા અથવા બિલને પુનઃ વિચારણા માટે રાષ્ટ્રપતિને મોકલવા સંબંધેના વિકલ્પો અંગે છે. કલમ ૨૦૧ રાજ્યપાલ દ્વારા રાષ્ટ્રપતિને વિચારણા માટે અનામત રાખેલા બિલો સંબંધે છે.

રાષ્ટ્રપતિ મુર્મુએ સુપ્રીમ કોર્ટને પૂછ્યા આ ૧૪ પ્રશ્નો

- કલમ ૨૦૦ હેઠળ કોઈ બિલને રજૂ કરવા પર રાજ્યપાલ સમક્ષ બંધારણીય વિકલ્પો કયા છે?
- શું રાજ્યપાલે કોઈ બિલ રજૂ થતા મંત્રીપરિષદની સલાહ ફરજિયાત માનવી જ પડે?
- કલમ ૨૦૦ હેઠળ રાજ્યપાલ દ્વારા બંધારણીય વિવેકાધિકારનો ઉપયોગ ન્યાયિક સમીક્ષા હેઠળ આવે છે કે નહીં?
- કલમ ૩૬૧ શું રાજ્યપાલના કાર્યોની ન્યાયિક સમીક્ષા પર પૂર્ણ પ્રતિબંધ લગાવે છે?
- શું રાજ્યપાલ માટે કોી બિલ પર કાર્યવાહી માટે સમય મર્યાદા નિશ્ચિત કરી શકાય છે?
- કલમ ૨૦૧ હેઠળ રાષ્ટ્રપતિ દ્વારા બંધારણીય વિવેકાધિકારનો ઉપયોગ ન્યાયિક સમીક્ષા હેઠળ આવે છે કે નહીં?
- શું રાષ્ટ્રપતિ દ્વારા વિવેકાધિકારનો ઉપયોગ કરવા માટે સમય મર્યાદા નિશ્ચિત કરી શકાય?
- શું રાજ્યપાલ દ્વારા રાષ્ટ્રપતિ પાસે બિલ મોકલવાની સ્થિતિમાં રાષ્ટ્રપતિને સુપ્રીમ કોર્ટ પાસેથી મત લેવો ફરજિયાત છે?
- શું કલમ ૨૦૦ અને ૨૦૧ હેઠળ રાજ્યપાલ અને રાષ્ટ્રપતિના નિર્ણય કાયદાના અમલી બનતા પહેલા ન્યાયિક સમીક્ષા હેઠળ આવે છે? શું બિલને કાયદો બનતા પહેલા તેની સામગ્રી પર કોર્ટ વિચાર કરી શકે છે?
- શું કલમ ૧૪૨ હેઠળ રાષ્ટ્રપતિ અને રાજ્યપાલના બંધારણીય આદેશોને બદલી શકે છે?
- રાજ્ય વિધાન મંડળ દ્વારા પસાર કાયદા શું રાજ્યપાલની સ્વીકૃતિ વિના અમલી માની શકાય?
- શું કલમ ૧૪૩(૩) હેઠળ કોઈ બંધારણીય પ્રશ્ન પર વિચાર માટે સુપ્રીમ કોર્ટની લઘુત્તમ પાંચ ન્યાયાધીશોવાળી બેન્ચનું હોવું અનિવાર્ય છે?
- શું કલમ ૧૪૨ હેઠળ સુપ્રીમ કોર્ટની શક્તિઓ માત્ર પ્રક્રિયા સુધી મર્યાદિત છે અથવા સબટેન્ટિવ કાયદાથી વિપરિત આદેશ પણ આપી શકે છે?
- શું બંધારણની કલમ ૧૩૧ હેઠળ દાખલ કેસ ઉપરાંત, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો વચ્ચે વિવાદોના ઉકેલ માટે સુપ્રીમ કોર્ટના અન્ય કોઈ અધિકાર ક્ષેત્ર પર પ્રતિબંધ છે?

અહીંથી શરૂ થયો હતો વિવાદતમિલનાડુ સરકારે અનામત બિલ પર રાજ્યપાલ આર.એન.રવિ તરફથી મંજૂરી આપવાનો ઈનકાર કરતા સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. સુપ્રીમ કોર્ટની બેન્ચે ૮ એપ્રિલના રોજ સુનાવણી હાથ ધરી રાજ્યપાલ આરએન રવિના બિલોને પેન્ડિંગ રાખવાના નિર્ણયને નકારી કાઢ્યો હતો અને પહેલી વખત રાજ્યપાલ અને રાષ્ટ્રપતિને વિધાનસભા અથવા સંસદ દ્વારા પસાર કરવામાં આવેલા બિલોને મંજૂરી આપવા માટે ત્રણ મહિનાની સમય મર્યાદા નિશ્ચિત કરી હતી. સુપ્રીમ કોર્ટની બેન્ચે ચૂકાદામાં કહ્યું હતું કે, કલમ ૨૦૧ હેઠળ રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવેલા કાર્ય ન્યાયિક સમીક્ષાને આધીન છે. આદેશમાં એમ પણ કહેવાયું કે, બંધારણની કલમ ૨૦૧ હેઠળ કોઈ બિલ રાજ્યપાલ દ્વારા રાષ્ટ્રપતિને મોકલવામાં આવે તો રાષ્ટ્રપતિએ તેને સહમતી આપવી જોઈએ અથવા અસહમતી વ્યક્ત કરવી જોઈએ. જોકે, બંધારણમાં આ પ્રક્રિયા માટે કોઈ સમય મર્યાદા નિશ્ચિત કરાઈ નથી. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે રાષ્ટ્રપતિ પાસે પોકેટ વીટોનો અધિકાર નથી. એટલે કે તેઓ અનિશ્ચિતકાળ સુધી પોતાના નિર્ણયને અનામત રાખી શકે નહીં

### બેઠકમાં પરિવારના બે સભ્યોએ પોતાનું દુઃખ અને ફરિયાદ શેર કરી

# સીએમ યોગી સાથે ભાજપના પૂર્વ સાંસદ બ્રિજભૂષણે કરી મુલાકાત

ઉત્તર પ્રદેશ,તા.૨૨

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને બ્રિજભૂષણ શરણ સિંહ વચ્ચેના સંબંધો સારા રહ્યા નથી. પરંતુ સોમવારે (૨૧મી જુલાઈ) બ્રિજભૂષણ શરણ સિંહ અચાનક લખનઉમાં મુખ્યમંત્રીના નિવાસસ્થાને પહોંચ્યા અને લગભગ અડધો કલાક સીએમ યોગી આદિત્યનાથ સાથે વાતચીત કરી હતી. હવે ભાજપના પૂર્વ સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહે પ્રતિક્રિયા આપી છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથેની મુલાકાત બાદ મીડિયા સાથે વાત કરતા બ્રિજભૂષણ શરણ સિંહે જણાવ્યું હતું કે, 'જીવનમાં ઉતાર-ચઢાવ આવતા હોય છે. હું લગભગ ૩૧ મહિના પછી સીએમ યોગીને મળ્યો છું. જાન્યુઆરી ૨૦૨૩માં મારા પર આરોપ લાગ્યા ત્યારથી મેં મુખ્યમંત્રી સાથે વાત કરી નહોતી. જ્યારે મારા પર આરોપ લાગ્યો ત્યારે મેં નક્કી કર્યું હતું કે આ લડાઈ મારી છે અને હું તેને લડીશ.'

ભાજપના પૂર્વ સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહે જણાવ્યું હતું કે, 'જાન્યુઆરી ૨૦૨૩માં મુખ્યમંત્રીનો કાર્યક્રમ રદ કરવામાં આવ્યો હતો, ત્યારથી મેં તેમની પાસેથી અંતર બનાવી લીધું છે. મેં કહ્યું હતું કે જ્યારે તે મને ફોન કરશે ત્યારે જ હું તેમને મળવા જઈશ, હવે જ્યારે તેમણે મને ફોન કર્યો ત્યારે હું તેમને મળવા ગયો. આ બેઠકમાં પરિવારના બે સભ્યોએ પોતાનું દુઃખ અને ફરિયાદ શેર કરી હતી, આમાં કંઈ રાજકીય નથી.' મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને બ્રિજભૂષણ શરણ સિંહ વચ્ચેની આ મુલાકાતને ખાસ રહી હતી. કારણ કે, વર્ષ ૨૦૨૭ના ચૂંટણી સમીકરણોની દ્રષ્ટિએ આ મુલાકાત ખૂબ જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે, બ્રિજભૂષણ શરણ સિંહ રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા ના પ્રમુખ રહી ચૂક્યા છે. તેમણે રામ મંદિર આંદોલનમાં પણ સક્રિય ભૂમિકા ભજવી હતી. મહિલા પહેલવાનોના આરોપો બાદ ગત લોકસભા ચૂંટણીમાં તેમની ટિકિટ કાપવામાં આવી હતી. જોકે, તેમના પુત્ર કરણ ભૂષણને ટિકિટ મળી અને તે ચૂંટણી જીતી ગયો હતો.

## ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં દિગ્ગજ આગેવાનો અને વિશાળ જનમેદની વચ્ચે

# પ્રદેશ કોંગ્રેસના પ્રમુખપદે અમિત ચાવડાનો પદગ્રહણ સમારોહ યોજાયો

**પ્રમુખપદની જવાબદારી સંભાળતા પહેલા અમિત ચાવડાએ ભદ્રકાળી માતાના દર્શન કર્યા**

**રાજ્યની જનતાની સુખાકારી માટે પ્રાર્થના કરી આર્શીવાદ મેળવ્યા**

**ઈન્દુલાલ યાજ્ઞિક અને સ્વામી વિવેકાનંદની પ્રતિમાને પુષ્પગુચ્છ અર્પણ કર્યા**

**મધુસુદન મિસ્ત્રી, શક્તિસિંહ ગોહિલ, પરેશ ધાનાણી, જીજ્ઞેશ મેવાણી સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહયા**
















અમરેલી, તા. ૨૨

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના નવનિયુક્ત પ્રમુખ અમિતભાઈ ચાવડાનો પદગ્રહણ સમારંભ રાજીવ ગાંધી ભવન ખાતે હજારો કાર્યકર્તાઓની જનમેદની સાથે સંપન્ન થયો. નવનિયુક્ત પ્રમુખ અમિતભાઈ ચાવડાએ સૌ પ્રથમ અમદાવાદના નગરદેવી ભદ્રકાળી માતાના દર્શન કર્યા હતા અને ગુજરાતની જનતાની સુખાકારી માટે પ્રાર્થના કરી આશીર્વાદ મેળવ્યા. ત્યારબાદ નવનિયુક્ત પ્રમુખ સાથે કોંગ્રેસી કાર્યકર્તાઓનો કાફલો રેલી સ્વરૂપે મહાગુજરાત આંદોલનના પ્રણેતા ઈન્દુલાલ યાજ્ઞિક (ઈન્દુચાચા) ની પ્રતિમાને ફૂલહાર કરીને ટાઉનહોલ ખાતે સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને પુષ્પગુચ્છ અર્પણ કર્યા બાદ રાજીવ ગાંધી ભવન ખાતે પદગ્રહણ સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા.

અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના વરિષ્ઠ મહામંત્રી અને ગુજરાત સંગઠન પ્રભારી મુકુલ વાસનીકએ નવનિયુક્ત પ્રદેશ પ્રમુખના પદગ્રહણ સમારંભમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત કાર્યકર્તાઓને સંબોધન કરતા જણાવ્યું હતું કે ચૂંટણીમાં પરિણામોની જવાબદારી માત્ર પ્રમુખોની નથી હોતી. એ કાર્યકર, પ્રભારી અને હોદ્દેદારો તમામની જવાબદારી હોય છે. પ્રદેશ અપ્રયક્ષનો તાજ હીરા મોતી વાળો નહીં પરંતુ જવાબદારીઓથી ભરેલો હોય છે કાર્યકરોનો વિશ્વાસ અને અનેક પડકારોનો સામનો પ્રદેશ પ્રમુખે કરવાનો હોય છે. ત્યારે આગામી દિવસમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી લડવાની તૈયારી તમામે રાખવાની છે. ધારાસભા કે લોકસભા લડેલા હોય અને અન્ય કોઈ મજબૂત ના હોય તો એ ઉમેદવારે પણ લડવા તૈયારી દર્શાવવી પડશે. કોંગ્રેસ પક્ષ પૂરા જોશ જુસ્સા સાથે આગામી ચૂંટણી લડવામાં આવશે. નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડાએ હજારો કાર્યકર્તાઓની જંગીમેદની વચ્ચે અભિવાદન ઝીલતા જણાવ્યું હતું કે ગુજરાત ગુજરાતીઓને ભય, ભૂખ અને ભ્રષ્ટાચારવાળા શાસનમાંથી મુક્ત કરાવીશું. ફિક્સ પે, કોન્ટ્રાક પ્રથા અને આઉટ સોર્સીગ પ્રથા નાબુદ કરાવીશું અને સમાન કામ – સમાન વેતનનો અધિકાર અપાવીશું. ભૂમાફિયા, ખનન માફિયા, શિક્ષણ માફિયા, મેડીકલ માફિયા અને ગુંડાઓની ચુન્ગલમાંથી મુક્ત કરાવીશું. રાજયમાંથી ભ્રષ્ટાચાર અને ભ્રષ્ટાચારીઓથી મુક્ત કરાવીશું. ખોટી જમીન માપણી રદ કરી અને ખેડૂતોને ન્યાય અપાવીશું. નાના વેપારી, દુકાનદારોને અધિકારીરાજ અને જી.એસ.ટી.ની ઝંઝટથી મુક્તિ અપાવીશું, એસ.સી., એસ.ટી., ઓ.બી.સી., મઈનોરીટી અને ઈ.ડબ્લ્યુ.એસ.ને સામાજિક ન્યાય સાથે શાસન અને સંશાધનોમાં ભાગીદારી સુનિશ્ચિત કરાવીશું, ગુજરાતમાં આદિવાસી પરિવારોને જ, જંગલ, જમીનના અધિકારો અપાવીશું. શ્રમિકો અને કામદારોને તેમના હક્ક અને અધિકારો અપાવીને લઘુત્તમ વેતન સુનિશ્ચિત કરાવીશું. સરકારમાં ખાલી જગ્યાઓ પર કાયમી ભરતી દ્વારા યુવાનોને રોજગારનો અધિકાર સુનિશ્ચિત કરવામાં આવશે. રાજયમાં મહિલાઓને સુરક્ષા, સન્માન તેમજ ભાગીદારી સુનિશ્ચિત કરાવીશું. ગુજરાતને કુપોષણમાંથી મુક્તિ અપાવીશું. ગુજરાતીઓને સંવિધાનિક અધિકારો અને અસ્મિતાનું રક્ષણ કરીશું. સહકારી ડેરીઓ, બેંકોનો ભ્રષ્ટાચાર ખુલ્લા પાડીશું, પશુપાલકોને ન્યાય અપાવીશું. આમ પદગ્રહણ દિવસ સૌ કોંગ્રેસ પક્ષનાં કાર્યકરો– આગેવાનો ગુજરાતની પ્રજાનાં ઉજ્જવળ ભવિષ્ય માટે 'સંકલ્પ' કર્યો હતો.

સમગ્ર રાજયભરમાંથી આવેલા કાર્યકર્તા આગેવાનો, વિવિધ સમાજના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં પદગ્રહણ સમારંભમાં સંબોધન કરતા નવનિયુક્ત પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે સમય સંઘર્ષનો છે તમામના સાથ સહકારથી પડકારને સાથે મળીને જીલીશું ગુજરાતમાં જે રીતનુંશાસન ચાલી રહ્યું છે તેની સામે લડવા માટે આપ સેના સહકારની અપીલ કરૂ છું. આવનારો સમય આપણે સાથે મળીને ગુજરાત અને ગુજરાતીઓના ન્યાય અને અધિકાર માટે સંસદ થી લઈને સડક સુધી લડત લડીશું. પ્રમુખનો તાજ કાંટાળો છે પરંતુ આ કાંટા હું ચૂંમીશ અને લડતમાં અમે સે નેતૃત્વ સંઘર્ષમાં સાથે રહીશું. કોંગ્રેસ પક્ષના આપણા સેના નેતા શ્રી સોનિયાજી, કોંગ્રેસ પ્રમુખ શ્રી મલ્લિકાર્જુન ખડગેજી, જનનાયક ન્યાયયોધ્ધા રાહુલ સહિતના નેતૃત્વએ મારી પર વિશ્વાસ મૂકીને ફરી એક વખત પ્રદેશ તરીકે જવાબદારી સોંપી છે તે બદલ હું સૌનો આભારી છું અને નેતૃત્વએ મુકેલો વિશ્વાસ પરિપૂર્ણ કરવા આપણે સૌ સાથે મળીને લડાઈ લડીશું. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડાના પદગ્રહણ કાર્યક્રમમાં કાર્યકર્તાઓને સંબોધતા આઉટગોઈંગ પ્રદેશ પ્રમુખ સાંસદ શક્તિસિંહ ગોહિલએ જણાવ્યું હતું કે કોંગ્રેસનો કાર્યકર ક્યારેય રિસાય નહીં. કોંગ્રેસના કાર્યકરોને આહવાન કર્યું હતું કે જાત પાત નહીં કોંગ્રેસના હાથ ની વાત કરવાની છે. શક્તિસિંહ ગોહિલ સ્ટેજ પર બેસવાની જગ્યાએ કાર્યકર્તાઓની વચ્ચે બેસીને કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ભાજપ પર પ્રહાર કરતાં જણાવ્યુંહતું કે સાઢં છે કે ભાજપ શાસને ડેમ નથી બનાવ્યા નહીં તો તેમના બનાવેલા બ્રિજ અને રોડની જેમ તૂટી ગયા હો સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત ના ડેમ અડીખમ ઊભા છે કાંકરી પણ નથી ખરી, જયારે ભાજપએ બનાવેલી કેનાલો ભાંગી ગઈ છે જે કમલમની કટકીખોરીનું પાપ છે.

નવનિયુક્ત વિધાનસભા વિરોધ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરીએ જણાવ્યું હતું કે વિધાનસભાની અંદર મારા સાથીઓ જે વર્ષો જુનો અનુભવ ધરાવે છે સાથે સાથે નવા પ્રથમ વખત ચૂંટાયેલા ધારાસભ્ય પણ મજબૂતીથી લોક પ્રશ્નોની વાત રજૂ કરશે. દરેકને તક આપવામાં આવશે પણ સાથે સાથે અમે મર્યાદિત સંખ્યામાં છીએ અને સામે બહુમતી છે પણ એ અહંકારી સેના છે એટલે અમે પાંડવો છીએ સામે કેરવોની અન્યાયી સેના છે. અમે મજબૂતીથી લડીને ગુજરાતનો અવાજ રજૂ કરીશું.એઆઈસીસીના વરિષ્ઠ નેતાશ્રી મધુસૂદન મિસ્ત્રી, સિડબ્લૂસી સભ્યશ્રી જગદીશ ઠાકોર, પૂર્વ પ્રમુખશ્રી સિદ્ધાર્થ પટેલ, સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજી દેસાઈ, વિધાનસભા કોંગ્રેસ પક્ષના પૂર્વ નેતા પરેશ ધાનાણી, વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેષ પરમાર, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી અધ્યક્ષઈન્દ્રવિજયસિંહ ગોહિલ, જીગ્નેશ મેવાણી, કદિર પીરજાદા, લલીત કગથરા, પૂર્વ ધારાસભ્ય પુંજાભાઈ વંશ, લોકસભા સાંસદ ગેનીબેન ઠાકોરએ રાજીવ ગાંધી ભવન ખાતે પદગ્રહણ કાર્યક્રમમાં નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડાને સાથે ખભે ખભો મિલાવીને કાર્ય કરવાની ખાતરી સાથે ઉમટેલી જનમેદની સંબોધન કર્યું હતું. સમારંભનું સંચાલન પ્રદેશ સમિતિના મહામંત્રી નઈમ મીરઝા અને આભારવિધિ એઆઈસીસીના મંત્રી ઋત્વિજ મકવાણાએ કરી હતી.

પદગ્રહણ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના સહ પ્રભારીશ્રી ઉષાબેન નાયડુ, રામકિશન ઓઝા, સુભાસિની યાદવ, ભૂપેન્દ્ર મારાવી, એન.એસ.યુ.આઈ, યુથ કોંગ્રેસ, સેવાદળ અને મહિલા કોંગ્રેસના પ્રમુખો, સેલ– ડિપાર્ટમેન્ટના વડાઓ, પદા ધિકારીઓ, ધારાસભ્યઓ અને આગેવાનશ્રી સહિત સમગ્ર ગુજરાતમાંથી ખૂણે ખૂણેથી આવેલા સેંકડો કાર્યકર્તાઓ પ્રદેશ પ્રમુખની વરણીને વધાવી હતી અને તેઓ દ્વારા હાકલ કરેલ સંકલ્પને પૂર્ણ કરવા કટિબદ્ધતા દર્શાવી હતી.

---

### મંડળીનાં સભાસદોની હાજરીમાં

## અમરેલી જિલ્લા અનુ.જાતિ આરોગ્ય કર્મચારી શરાફી સહકારી મંડળીની સાધારણ સભા યોજાઈ

**ઉપસ્થિત મહેમાનો દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યુ**



અમરેલી, તા. ૨૨

અમરેલી જીલ્લા અનુસુચિત જાતિ આરોગ્ય કર્મચારી શરાફી સહકારી મંડળી લી.ની ખાસ સાધારણ સભા બોલાવવામાં આવી હતી જેમાં મંડળીના સભાસદો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા આ તકે આમંત્રિત મહેમાનો એમ.એસ. માધડ, રજનીકાંતભાઈ મકવાણા, જે.પી. ભાસ્કર, રમેશભાઈ ચાવડા, જીતુભાઈ બથવાર હાજર રહ્યા હતા. ત્યાર બાદ મંડળીને વધુ સુચારૂ રીતે ચાલવા માટે જરૂરી નિર્ણયો કરવામાં આવ્યા હતા અને મહેમાનો દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યુંહતુંઆ તકે મંડળીને સફળ બનાવવા માટે સભાસદોની નિષ્ઠા અને જુસ્સો જોવા મળ્યો હતો ત્યારબાદ અમરેલી જીલ્લા આરોગ્ય કર્મચારી મહાસંઘના પ્રમુખ એમ.એસ. માધડ સામેળ વય મર્યાદાના કારણે નિવૃત થયા હોય એમનું મંડળીના સભ્યો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું આ સંપૂર્ણ કાર્યક્રમને સફળ બનાવવામાં મંડળીના કારોબારી સભ્યો ભરતભાઈ સોલંકી, વિજયભાઈ શેતરણીયા, અનિલભાઈ શેતરણીયા, રાજેન્દ્રભાઈ ડાભી, સુરેશભાઈ દાફડા, શૈલેશભાઈ રાઠોડ, દિનેશભાઈ મહીડા, સંજયભાઈ મકવાણા, નીતિનભાઈ વિંઝુડા, કુસુમબેન પરમાર, ચારૂબેન રાઠોડ, જાગૃતિબેન પરમાર અને મંડળીના મહામંત્રી ચંદ્રકાંતભાઈ બગડાએ ખુબ જહેમત ઉઠાવેલ હતી કાર્યક્રમના અંતે સ્વરૂચી ભોજન લઈને તમામ સભાસદો મંડળીને વધુ મજબુત બનાવવાનો સંકલ્પ લઈને છુટા પડયા હતા એવું મંડળીના પ્રમુખ પ્રિયાંગભાઈ દાફડાની યાદી જણાવે છે.

---

## લીલીયા : બાલકૃષ્ણલાલજી હવેલીમાં 'કલિંદગિરી મસ્તકે' હિંડોળા દર્શન યોજાયા



લીલીયા, તા. ૨૨

લીલીયા ગોઢાવદર પુંજાપાદર સહિતના ગામોના વૈષ્ણવ ભાઈઓ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા.

લીલીયા શહેરની પેરાણિક બાલકૃષ્ણ લાલજી હવેલી ખાતે દરરોજ જુદા જુદા હિંડોળા દર્શનનો લહાવો મોટી સંખ્યામાં વૈષ્ણવ સમાજના ભાઈઓ બહેનો લઈ રહ્યા છે તેવા સમયે ‘‘કલિંદગિરી મસ્તકે’’ હિંડોળા દર્શનનું આયોજન કરવામાંઆવેલ જેનુંશણગાર મુખ્યાજી રવિભાઈ ભટ્ટના માર્ગદર્શન તળે કરવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

---

### આગામી ૩૧મી જુલાઈનાં રોજ

## બાબરા ખાતે સ્વ. મહંમદ રફીને સ્વરાંજલિ કાર્યક્રમનું એન્જોય ગૃપનું આયોજન

**સપોન્સરશીપ માટે સંપર્ક કરવા જણાવાયું**

બાબરા, તા.૨૨

બાબરામાં એન્જોય ગૃપ ૧૯૯૩થી કાર્યરત છે અહીંઆ ગ્રુપ દ્વારા થી જુદા જુદા કાર્યક્રમો કરવામાં આવે છે. જેમાં જી. ટીવી ફેમ અંતાક્ષરી, ફેશન શો, કોન બનેગા કિસ્મત વાલા, એક શામ શહીદો કે નામ, બાબરા આઈડોલ, મહમદ રફી સ્વરાંજલિ ૨૦૨૦, ૨૦૨૧, ૨૦૨૨, ૨૦૨૩, ૨૦૨૪ વિગેરે ખૂબ કાર્યક્રમો કરેલ છે. આ કાર્યક્રમોમાં બાબરાના ઉભરતા કલાકારોને પ્લેટફોર્મ પુરૂ પાડવામાંઆવેલ છે. એન્જોય ગૃપની ૧૯૯૩, ૯૪, ૯૯માં યોજાયેલ અંતાક્ષરીના કાર્યક્રમમાં ભાગ લીધેલ નવનીતભાઈ દવે અને ઉષાબેન દવેની દીકરી પૂર્વી દવેની દીકરી માઝેલ વ્યાસ આજે બોલિવૂડમાં ફિલ્મ સ્ટાર છે. તેમણે અમિતાભ બચ્ચનની વજીર ફિલ્મમાં કામ કરેલ છે. હમણાં જ રિલીઝ થયેલ ગુજરાતી ફિલ્મ વ્હાલીમાં લીડ રોલ





કરેલ છે. જે ફિલ્મ ખૂબ સફળ થયેલ છે. આગામી ઘણી ફિલ્મો માઝેલ વ્યાસની આવી રહી છે. તો આ રીતે એન્જોય ગૃપ બાબરા દ્વારા ઊગતા કલાકારોને વર્ષોથી પ્રોત્સાહિત કરવામાં આવે છે.

એન્જોય ગૃપનો આગામી કાર્યક્રમ મોહમદ રફીની સ્વરાંજલિનો કાર્યક્રમ, તા. ૩૧/૭/૨૫ના રોજ રાત્રે ૯:૦૦ કલાકે બાબરા મુકામે લુહાર જ્ઞાતીની વાડીમાં યોજાનાર છે. આ કાર્યક્રમમાં બાબરા, અમરેલી, રાજકોટ, ભાવનગરના કલાકારો મોહમદ રફીના ગીતો રજૂ કરવાના છે. જે જાહેર કાર્યક્રમ છે. આ કાર્યક્રમ માટે કોઈને સ્પોનરશીપ આપવી હોય તો નિવૃત એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ પી. એલ. મારૂનો મોબાઈલ નંબર ૮૫૩૦૦૧૦૩૦૦ ઉપર સંપર્ક કરવાનો રહેશે.

# ભૈ વાહ : શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસનાં વિદ્યાર્થીઓએ ડિસ્ટ્રિક્ટ યોગાસન સ્પર્ધામાં ૩-ગોલ્ડ, ૩-સિલ્વર અને ૩-બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યા










તા. ૨૦/૭/૨૫ નાં રોજ અમરેલી ડિસ્ટ્રિકટ યોગાસન સ્પોર્ટસ ચેમ્પીયનશીપ ૨૦૨૫–૨૬નું આયોજન અમરેલી શ્રીમતી શાંતાબેન હરીભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા ખાતે થયું. જેમાં ડિસ્ટ્રિકટમાંથી સબ જુનિયર બોયઝ, જુનિયર બોયઝ અને સબ જુનિયર ગર્લ્સ સ્પર્ધકોએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. તેમાં શ્રીમતી એસ.એચ. ગજેરા સ્કૂલ, જ્ઞાનશકિત સ્કૂલનાં વિદ્યાર્થીઓએ યોગાસન સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી ટોપ થ્રીમાં સ્થાન મેળવેલ. જેમાં સબ જુનિયર બોયઝમાં (૧) પનેરી કાવ્ય– ગોલ્ડ મેડળ (૨) યાદવ ભાર્ગવ–સિલ્વર મેડલ (૩) પંચાલ વિહાન–બ્રોન્ઝ મેડળ મેળવેલ. જુનિયર બોયઝમાં (૧) પટેલ હેનીલ–ગોલ્ડ મેડલ (૨) માલવીયા શુભ–સિલ્વર મેડલ (૩) પડસાલા દર્શન–બ્રોન્ઝ મેડલ મેળવેલ. તેમજ સબ જુનિયર ગર્લ્સમાં (૧) સોલંકી વંદના–ગોલ્ડ મેડલ (૨) સરવૈયા વૈનવી–સિલ્વર મેડલ (૩) કાનાણી હિરવા–બ્રોન્ઝ મેડલ મેળવી જિલ્લા લેવલે શાળા પરિવારનું નામ રોશન કરેલ છે. અનુભવી તજજ્ઞો ધ્વારા શિક્ષણ કાર્ય તેમજ વિદ્યાર્થીઓએ રમત–ગમત ક્ષેત્રે સતત અનુભવી કોચ ધ્વારા પ્રશિક્ષણ મેળવી સિધ્ધિઓ પ્રાપ્ત કરેલ છે તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મંત્રી મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી ધ્વારા સ્પર્ધકો અને યોગા ટ્રેનર ગોહિલ જયદેવસિંહને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું
## બગસરા : ૪૧ જેટલાં કંડક્ટરની

૨૯૦ જેટલાં કંડક્ટરની ભરતી કરવામાં આવી છે જે પેકી બગસરામાં ૪૧ જેટલાં કંડક્ટર મુકવામાં આવ્યા છે તેમ છતાં બગસરા ડેપોને કોની શરમ નડે છે કે જુના ઘણા રૂટો જે ઘણા સમયથી બંધ કરેલ છે તે હજુ સુધી ચાલુ કરવામાં આવેલ નથી. જયારે એટલું જ નહિ પણ હાલમાં તો ત્રણ દિવસથી એક સાથે ૧૦ જેટલાં રૂટો બંધ રાખવામાં આવેલ છે. નવા રૂટો ચાલુ કરવાનાં બદલે જે ચાલુ છે તે રૂટને પણ બંધ રાખવામાં આવે છે. તો આવા કિસ્સામાં બગસરા ડેપો મેનેજરને કોની શરમ નડે છે કે પછી શહેરના લોકોને હેરાન કરવાનું બીડું ઝડપ્યું છે કે પછી પ્રાઈવેટ વાહનોને પ્રોત્સાહન આપતા હોય તેમ લાગી રહ્યું છે તેવી લોકોમાં ચર્ચા ઉઠી છે અને ઉપરી અધિકારી દ્વારા આ ડેપોમાં શા માટે રૂટો બંધ રાખવામાં આવે છે તેના ઉપર કાર્યવાહી કરી લોકોને પડતી મુશ્કેલી દૂર કરે તેવી લોકોમાં માંગ ઉઠી છે.

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલીનાં શહેરીજનોને ત્રિપલ એન્જિન

જોવા મળી રહી છે. તો નાગનાથ બસ સ્ટેન્ડ અને સરદાર સર્કલનાં હાઈરાઈઝ ટાવરની પણ લાઈટ અર્ધોઅર્ધ બંધ જોવા મળીરહીછે. તો સનિયર સિટીઝન પાર્કની લાઈટ પણ અવારનવાર બંધ જોવા મળીરહી છે.

તદ્ઉપરાંત શહેરની રહેણાંક ગલીઓથી લઈને જાહેર માર્ગો ઉપર રખડતા પશુઓ શહેરીજનોને હડફેટે લઈ રહ્યા છે અને રખડતા પશુઓ પણ અકસ્માતનો ભોગ બની રહ્યા છે. આજે રાજકોટ, અમદાવાદ જેવા શહેરમાં એકપણ પશુ જાહેર માર્ગ પર દેખા દેતું નથી અને અમરેલીમાં ૩ હજાર આસપાસ પશુઓ માર્ગો ઉપર જોવા મળીરહ્યા છે.

તદ્ઉપરાંત, શહેરમાં ગંદકીની સમસ્યા તો આઝાદી બાદથી શરૂ થઈ છે. હજુ સુધી તેનું કોઈ નિરાકરણ થતું નથી. શહેરીજનો પાલિકાને આકરા કરવેરા ચુકવે, એક લિટર પેટ્રોલ ભરાવીને સરકારને ૫૦ રૂપિયા કરવેરારૂપે આપે, જીવન જરૂરી ચીજવસ્તુઓ ખરીદી કરીને દર વર્ષે હજારો રૂપિયા સરકારી તિજોરીમાં જમા કરાવે બદલામાં મળે પરેશાની, વ્યથા, મુસીબત.

આગામી ૬ મહિનાબાદ પાલિકાની સામાન્ય ચૂંટણી આવી રહી હોય શહેરીજનો ત્રિપલ એન્જિનમાંથી પાલિકાનું એકાદ એન્જિન બદલાવે તો નવાઈ પામવા જેવું નહી રહે.


**CHANGE IN NAME**

I Undersigned here by declare, that I have changed my name from **MUNI SENAJBANU ALIRAZA** To **MUNI SHAHENAZBEN ALIRAZA** Sd/- **MUNI SHAHENAZBEN ALIRAZA**


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૧૫ | ૧૦૫૮ |
| ૨ | શિંગ મોટી | ૭૦૦ | ૧૧૦૪ |
| ૩ | શિંગદાણા | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૪૪૨ |
| ૫ | તલ સફેદ | ૧૦૯૦ | ૨૦૧૫ |
| ૬ | તલ કાળા | ૨૦૦૦ | ૩૮૩૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૬૦૦ | ૨૨૭૦ |
| ૮ | બાજરો | ૩૫૦ | ૫૧૧ |
| ૯ | જુવાર | ૨૯૫ | ૭૪૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૨૬ | ૫૫૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૭૧ |
| ૧૨ | મગ | ૧૩૦૫ | ૧૫૩૨ |
| ૧૩ | ચણા | ૧૦૦૦ | ૧૧૯૦ |
| ૧૪ | સફેદ ચણા | ૧૧૪૨ | ૧૨૪૧ |
| ૧૫ | તુવેર | ૧૧૨૫ | ૧૨૯૦ |
| ૧૬ | કપાસ | ૯૦૦ | ૧૬૮૨ |
| ૧૭ | એરંડા | ૧૦૨૦ | ૧૨૭૪ |
| ૧૮ | જીરૂ | ૩૬૮૫ | ૩૬૮૫ |
| ૧૯ | ધાણી | ૧૧૨૦ | ૧૩૭૫ |
| ૨૦ | અજમા | ૧૧૦૦ | ૧૧૩૦ |
| ૨૧ | મેથી | ૬૦૦ | ૯૧૫ |

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલીમાં અખિલ વિદ્યાર્થી પરિષદ દ્વારા

પ્રમુખની ભુવનેરની એક હોટલમાં ૧૯ વર્ષીય મહિલા પર બળાત્કાર કરવાના કિસ્સા સંદર્ભે અમરેલી અખિલ ભારતીય વિદ્યાર્થિ પરિષદમાં આક્રોશ જોવા મળ્યો. આ તકે એનએસયુઆઈના પ્રમુખના પૂતળાદહન કરી એબીવીપી અમરેલી દ્વારા વિરોધપ્રદર્શન કરવામાં આવ્યુ હતું. તેમજ પૂતળા દહન, સૂચક પોસ્ટરો, ભારે સૂત્રોચ્ચાર કરી અમરેલી શહેરમાં કોલેજ સર્કલ ખાતે વિરોધપ્રદર્શન કરવામાં આવ્યું હતું. ઓરિસ્સાના એનએસયુઆઈ એકમ પ્રમુખ વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવા વિદ્યાર્થી આગેવાનો દ્વારા માંગણી કરવામાં આવી હતી. એબીવીપીના કાર્યકર્તાઓ રસ્તા ઉપર ઉતરી આવ્યા અને ભારે સુત્રોચાર વચ્ચે આ નિંદનીય કૃત્યને વખોડી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું
## ચલાલામાં અનિયમિત વીજ વિતરણથી

રાહદારીઓથી ધમધમતા રોડવાળા આ ગીચ વિસ્તારોમાં ખુબ મોટી તકલીફ અને અકસ્માત થાય તેવી ગંભીર સ્થિતિમાં યોગ્ય કરવાં સતત જીઈબીનાં ડેપ્યુટી એન્જિનિયરને રજુઆત કરવા છતાં પણ આજ દિવસ સુધી યોગ્ય ન કરતાં રાત્રીના અગિયાર વાગ્યે ફરી કેબલમાં આગ લાગતાં આખા શહેરમાં વીજ પુરવઠો ખોરવાતા આ વિસ્તારનાં રહિશોએ રાત્રે સાડા અગિયાર વાગ્યે જીઈબી ઓફિસે જઈ હલ્લાબોલ કરી જવાબદાર ઉચ્ચ અધિકારીઓ હાજર ન હોવાથી ટેલીફોન પર ઉધડો લઈ જયાં સુધી આ વિસ્તારનાં વીજ પ્રશ્નનું કાયમી નિરાકરણ ન થાય તો ફરી કાલે એક વાગ્યે વીજ કચેરીએ આવી ફરી હલ્લાબોલ કરીશું તેવી ચીમકી આપતાં આ પ્રાણપ્રશ્નનું કાયમી નિરાકરણ કરવાની ખાતરી આપ્યાં બાદ જ વીજ ફોલ્ટ રીપેરીંગ કરવાં પીજીવીસીએલનાં કર્મચારીઓને સ્થળ પર આવવા દીધાં બાદ વીજ ફોલ્ટ રીપેરીંગ કરાવી શહેરમાં વીજ પુરવઠો શરૂ થયો હતો.

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલીનાં રાજમહેલ પટાંગણમાં

રૂપિયાની મરામતનુ કામ શરૂ કરવામાં આવેલ હતું જે પૂર્ણતાને આરે છે. બિલ્ડીંગની મુદ્દત (આયુષ) ઘણા સમયથી પૂર્ણ થયેલ છે. તેમજ આ બિલ્ડીંગમાં સવારથી સાંજ સુધી કચેરી સમય દરમ્યાન હજારો લોકો અને સેંકડો કર્મચારીઓની અવર–જવર રહેતી હોય છે. સંભવિત ભૂકંપના ૩ રીચકર્સ સ્કેલનાં આચકાથી આ બિલ્ડીંગ સંપૂર્ણપણે ધરાશાયી થાય તેવી હાલતમાં છે તેમજ ૬૦ ડેશીબલથી વધુ ધ્વની અવાજથી પણ ઈમારતના બારી બારણા ફર્નીચર અને દીવાલો ધ્રુજતી હોય જે ઘણી ગંભીર બાબત સૂચવી જાય છે. જેના કારણે ગમે ત્યારે ન કલ્પી શકાય તેવી માનવહાની થવાની પૂર્ણ સંભાવના છે જેની જવાબદારી કોની? આ બિલ્ડીંગનું તાજેતરમાં જ રી–નીરીક્ષણ કરી વાપરવા લાયક સર્ટીફીકેટ આપનાર અધિકારીએ કયા કારણોસર આવી બિલ્ડીંગમાં માનવ વસાહતની જાનહાનીનો ભય હોવા છતાં એન.ઓ.સી. શુકામ આપેલ છે ? તે પ્રશ્ન અનઉત્તર હોય, આ અંગે સર્ટિફિકેટ આપનાર (જો આપેલ હોય તો) અધિકારી ઉપર કોઈ કાર્યવાહી આપ કરવા માંગો છો કે કેમ ? સંબંધિત અધિકારીઓને આ અંગેનાું રિપોર્ટ આપવા આપના લેવલેથી સૂચિત કરશો તે અંગેનો પ્રત્યુત્તર અનઉત્તર હોય જેથી હું આ પત્રથી વિનતી કરી રહ્યો છું કે, આ બિલ્ડીંગની હાલત જોતા સત્વરે ત્વરિત કાર્યવાહી કરી માનવહાની બચાવવામાં આપ નિમિત બનશો અન્યથા આ અંગે સંપૂર્ણ જવાબદારી આપની તથા સરકારી તંત્રની રહેશે જેની ગંભીર નોંધ લઈ આગળની કાર્યવાહી કરવા અંતમાં માંગ કરેલ છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૮૦ | ૧૧૨૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૭૦ | ૧૧૩૧ |
| ૩ | શીંગ દાણા | ૧૩૦૦ | ૧૪૦૫ |
| ૪ | તલ સફેદ | ૧૩૦૦ | ૧૯૬૯ |
| ૫ | તલ કાળા | ૩૨૦૦ | ૩૮૭૦ |
| ૬ | જીરૂ | ૩૪૦૦ | ૩૬૧૧ |
| ૭ | કપાસ | ૧૫૦૦ | ૧૭૧૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૪૦ | ૫૨૧ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૭૧ |
| ૧૦ | બાજરો | ૩૫૦ | ૫૦૮ |
| ૧૧ | જુવાર | ૭૦૦ | ૮૨૯ |
| ૧૨ | મગ | ૧૧૫૦ | ૧૪૦૦ |
| ૧૩ | ચણા | ૧૧૧૦ | ૧૨૧૩ |
| ૧૪ | તુવેર | ૧૦૦૦ | ૧૨૭૦ |
| ૧૫ | એરંડી | – | ૧૨૦૦ |
| ૧૬ | સોયાબીન | ૭૦૦ | ૭૩૦ |

પાના ૮ ઉપરનું ચાલું
## ચલાલામાં કાયમી ચીફ ઓફિસરનાં

પોતાની સતાની રૂએ સવતંત્ર લેવાનાં હોય તો ઘણાં નિર્ણયો ચુંટાયેલા પ્રતિનિધિઓ અને કર્મચારીઓ સાથે સંકલનમાં રહી લેવાનાં હોય તો ઘણાં નિર્ણયો કડકાઈથી લેવાનાં હોય ત્યારે તેમની હોતા હૈ ચલતા હૈ ની નીતીનાં કારણે ઘણાં નીતી વિષયક નિર્ણયો કે શહેરનાં કોઈ પણ લોકહિતનાં કે વિકાસ કાર્યો ટલ્લે ચડી જાય છે ત્યારે વિકાસ કામોની દરખાસ્તો કરવી મીટીંગો એટેન્ડન્ટ સહિત ચલાલા શહેરનાં કોઈ પણ લાઈટ સફાઈ સ્વચ્છતા પાણી અંડર ગ્રાઉન્ડ ગટર સહિતનાં અનેકવિધ નગરપાલિકા હસ્તકનાં પ્રશ્નનોની સ્થળ તપાસ કરવામાં કે નિરાકરણ કરવાં કે ઘણી અડચણો ઉભી થાય છે ત્યારે હાલ સરકારમાંથી આવેલ કરોડો રૂપિયાની ગ્રાન્ટ નગર પાલિકાની તીજોરીમાં જમાં હોવાં છતાં હાલ વિકાસ કાર્યો ન થતાં દીન પ્રતિદિન શહેરની પરિસ્થિતિ વણસતી જાય છે ત્યારે ઉલ્લેખનીય છે કે ચલાલાની જનતાએ ભાજપ પર શહેરનાં સર્વાંગી વિકાસની અનેક આશા અપેક્ષા અને વિસ રાખી નગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીની સ્પષ્ટ બહુમતી આપી છે ત્યારે ચુંટાયેલા જનપ્રતિનિધિઓની પણ જનતાને સંપૂર્ણ સુખાકારી અને બેનમૂન સુશાસન આપવાની સંપૂર્ણ જવાબદારી અને પવિત્ર ફરજ બનતી હોય ત્યારે શહેરનો સર્વાંગી વિકાસ કે કોઈ પણ નગરજનોનાં આરોગ્ય સફાઈ શુધ્ધ પાણી સ્ટ્રીટ લાઈટ અંડર ગ્રાઉન્ડ ગટર ઢાંકણા ઓ ચેમ્બર સામાન્યથી પણ સામાન્ય રોજીંદા કામોના નિરાકરણ કરવાંમાં મુશ્કેલ બને છે ત્યારે ચીફ ઓફિસરની વયમર્યાદા અને અપુરતી કાર્યદક્ષતાનાં કારણે શહેરીજનોને અનેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે અને દિનપ્રતિદિન શહેરનો વિકાસ રૂંધાતો જાય છે ત્યારે શહેરમાં વિકાસ કાર્યો વેગવંતા બને શહેરીજનોનાં નાનાં મોટાં પ્રાણપ્રશ્નોનાં નિરાકરણ સહજ સરળ અને ત્વરિત થાય અને નગર પાલિકાનાં કોઈ પણ નીતી વિષયક નિર્ણયો ઝડપભેર થાય અને કોઈ પણ વિકાસ કાર્યો પોતાની સિધ્ધી દેખરેખથી નક્કર અને સંપૂર્ણ પારદર્શક અને પ્રમાણિકતાથી થઈ શકે અને ચાલીસ હજાર માનવીઓને સુખાકારી આપવાં સતત કાર્યશીલ રહે તેવાં પાવન હેતુથી નગર પાલિકામાં સક્ષમ કાર્યદક્ષ કાયમી ચીફ ઓફિસરની નિમણૂક કરવા માંગ થઈ છે.


**એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી**

**અરજદાર :** શ્રી રમેશભાઈ નાગજીભાઈ અકબરી
રે. વાંકીયા, તા. જિ.અમરેલી.
અપીલ રજી. નં. ૧૨૯/૨૦૨૫

:: વિરૂધ્ધ ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ – તલાટી–કમ–મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, મુ.વાંકીયા, તા./ જિ.અમરેલી.

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટિસ**

–: જાહેર નોટીસ :–

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અરજદારશ્રી રમેશભાઈ નાગજીભાઈ અકબરીના નાનાભાઈ **અશ્વિનભાઈ નાગજીભાઈ અકબરીનો જન્મ (તા.૧૩/૦૫/૧૯૭૧)**ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૯–૦૭–૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય


## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૬૧૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૨૫ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૫૮ | ૫૦૭ |
| ૪ | ચણા | ૧૦૦૦ | ૧૧૬૦ |
| ૫ | તલ સફેદ | ૧૧૦૦ | ૧૭૦૦ |
| ૬ | સોયાબીન | ૭૨૫ | ૭૯૦ |
| ૭ | શીંગદાણા | ૧૩૨૦ | ૧૩૨૦ |
| ૮ | ધાણા | ૧૧૪૦ | ૧૩૮૬ |
| ૯ | તુવેર | ૧૧૫૫ | ૧૨૩૫ |
| ૧૦ | એરંડી | ૧૧૨૫ | ૧૧૨૫ |
| ૧૧ | તલ કાળા | ૨૫૦૦ | ૨૫૦૦ |
| ૧૨ | બાજરો | ૫૨૦ | ૫૨૦ |
| ૧૩ | મગફળી | ૭૯૦ | ૯૬૦ |
| ૧૪ | લસણ | ૯૭૫ | ૯૭૫ |
| ૧૫ | મગ | ૧૨૬૫ | ૧૪૫૦ |

પાના ૧ ઉપરનું ચાલું
## જાફરાબાદની મામલતદાર કચેરીમાં

એકને ખોળ જેવી નિતિ અપનાવી રહ્યા હોય અને જનતા જનાર્દન માંથી ચર્ચાઓ થઈ રહી છે કે જાફરાબાદ નગરપાલિકામાં વર્ષોથી પેધી ગયેલા એન્જીનીયરની બદલી પણ થતી નથી. તેવું અનેક ચર્ચાઓ ચારેકોર વાયુવેગે પ્રસરી રહી છે. આત્મવિલોપન કરનાર વ્યકિત ધ્વારા જણાવ્યું કે મારૂ મકાન તોડવામાં આવેછે. પરંતુ પાલિકાના સભ્ય પણ દબાણ હોવા છતાં દોડવામાં આવતું નથી. આ બાબતે મે ઓનલાઈન સ્વાગત કાર્યક્રમમાં અરજી કરી હતી. તે બાબતે પાલિકાના કર્મચારીઓ તથા અન્ય લોકોને સારૂન લાગતા મને શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો અને મારૂ મકાન તોડવા માટે નોટિસ ફટકારી હોય સભ્ય ધ્વારા પણ દબાણ કરેલ હોવા છતાં તેની ઉપર પગલાં લેવામાં આવતા નથી. મને ખોટી રીતે હેરાનગતિ કરતા હોવાથી અરજદાર ધ્વારા પગલું ભર્યુ હોવાનું જાણવા મળ્યું હતું. મામલતદાર કચેરી ખાતે આત્મવિલોપન પ્યાસ કરવામાં આવ્યો હતો. જવલનશીલ પ્રવાહી છાંટતા મામલતદાર સ્ટાફ ધ્વારા રોકવામાં આવ્યો હતો.

પાના ૧ ઉપરનું ચાલું
## રાજુલામાં હાહાકાર મચાવનાર આરોપીને

ભાડા બાબતે હમીર નગા શિયાળ તેમજ તેમના માણસોએ ઝઘડો કરેલ હોય. સાગરભાઈ રાજુલા સરકારી દવાખાને સારવાર માટે આવેલ હોય જેથી વકીલને બોલાવતા તેની ખબર પૂછવા વકીલ સરકારી દવાખાને ગયેલ હોય. તે દરમ્યાન શીયાળબેટ ખાતે બનેલ મારામારીના બનાવનો રાગદ્વેસ રાખી તેમજ વકીલ સંસ્થા ચલાવતા હોય તેના કામે શીયાળબેટ જતા હોય આરોપીને ગમતુ ન હોય. જેથી સારવારમાં દાખલ થયેલ સાગરભાઈ તથા તેમના પરિવારના સભ્યો સહિતનાને જાનથી મારી નાખવાના ઈરાદે આરોપી હરેશભાઈ હમીરભાઈ શીયાળ, પ્રવિણભાઈ હમીરભાઈ શીયાળ, કૈલાશભાઈ નાનજીભાઈ શીયાળ સહિત ૨૬ જેટલાં આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી પ્રાણ ઘાતક હથીયારો લઈ રાજુલા સિવિલ હોસ્પિટલ ખાતે આવેલ હતા અને ત્યાં વકીલને જોઈ જતા વકીલને જ્ઞાતી પ્રત્યે અપમાનજનક શબ્દો બોલી હડધુત કરી જાનથી મારી નાખવાના ઈરાદે વકીલ સહિતનાઓ ઉપર જીવલેણ હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડેલ હતી અને સફેદ કલરનો ઈકો વાહન લઈને આરોપીઓ જતા રહેલ હતાં. આ અંગે બનાવમાં પોલીસમાં ત્રણ અલગ અલગ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી હતી. આ બનાવમાં શિયાળબેટ ગામના સરપંચ હમીર શિયાળ સહિત ૧૪ જેટલાં આરોપીઓને ઝડપી લઈ અને આરોપીઓ સાથે ઘટનાનું રાજુલા ખાતે રિકન્સ્ટ્રકશન કરવામાં આવતાં આરોપીઓને જોવા માટે લોકોના ટોળે ટોળા ઉમટયા હતાં.


**શ્રી તાઈવદર પ્રાથમિક શાળા**
**તા. બાબરા, જી. અમરેલી**

**જાહેર હરરાજી**

આથી જાહેર જનતાને જણાવવાનુ કે, શ્રી તાઈવદર પ્રાથમિક શાળાના નીચે મુજબના રૂમોની તોડી પાડવાની મંજૂરી આવતા અષ્ટકોણ રૂમ – ૨ની હરરાજી રાખેલ છે. જાહેર હરરાજી તા. ૦૧/૦૮/૨૦૨૫ ને શુક્રવારના રોજ બપોરે ૧૨ : ૦૦ કલાકે શ્રી તાઈવદર પ્રાથમિક શાળા ખાતે રાખેલ છે.

હરરાજીની શરતો સ્થળ ઉપર જણાવવામાં આવશે. ભાગ લેવા ઈચ્છતા વ્યકિતઓએ સમયસર હાજર રહેવું.

**આચાર્યશ્રી** તાઈવદર પ્રા. શાળા તથા શાળા વ્યવસ્થાપન સમિતિ – તાઈવદર



**:: જાહેર હરરાજી અંગેની નિવિદા ::**

આથી જાહેર હરરાજીથી ઈમલો લેવામાં રસ ધરાવતા લોકોને આ જાહેર નિવિદાથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના ઈંગોરાળા (ડાંડ) ગામે ગ્રામપંચાયત કચેરી–ઈંગોરાળા (ડાંડ) દ્વારા નીચે જણાવેલ વિગત મુજબની અસ્કયામતના ઈમલાની જાહેર હરરાજી નીચે દર્શાવ્યા મુજબના સ્થળે અને અસ્કયામતની જે સ્થિતીમાં નિયત તારીખ અને સમયે કરવામાં આવશે, જેની જાહેર હરરાજીમાં ભાગ લેવા ઈચ્છતા લોકોએ સ્થળ ઉપર સમયસર હાજર રહેવા જાણ કરવામાં આવે છે.

| ક્રમ | અસ્કયામત અને ઈમલાની વિગત | જાહેર હરરાજીની તારીખ | જાહેર હરરાજીનો સમય | નક્કી થયેલ અપસેટ કિંમત | જાહેર હરરાજીનું સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | જૂનું પંચાયત ઘર | ૨૫/૦૭/૨૦૨૫ | ૧૧:૦૦ કલાકે | ૩૦૦૦૦/– | ગ્રામ પંચાયત કચેરી ઈંગોરાળા (ડાંડ) |

જાહેર હરરાજીની શરતો, બોલીઓ, નિયમો વિગેરે સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે. તથા ઉપરોકત અસ્કયામતના ઈમલાની જાહેર હરરાજીમાં નિર્ણય કરવાની આખરી સત્તા તથા નિયમોમાં ફેરફાર વિગેરે કરવાનો અબાધિત અધિકાર નીચે સહી કરનારાઓની રહેશે.

**તલાટી કમ મંત્રી**
**ગ્રામ પંચાયત ઈંગોરાળા (ડાંડ)**

**સરપંચ**
**ગ્રામ પંચાયત ઈંગોરાળા (ડાંડ)**

## વિશ્વાસપાત્ર પ્રાકૃતિક અને ઝેર મુકત ખાવાના આગ્રહીઓને ભટકવું નહિ પડે : પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતોને પણ મળશે પ્રોત્સાહન

# બગસરામાં શરૂ થયો પ્રાકૃતિક કૃષિ મોલ : નાગરિકોને એક જ જગ્યાએથી મળશે ઝેરમુકત ખાદ્ય ચીજવસ્તુઓ

### વિશ્વ વાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટનાં પ્રેરક બળથી ખેડૂતોનાં સંગઠન-FPO દ્વારાશરૂ થયો ધરતી રક્ષા પ્રાકૃતિક મોલ



આલેખન : રોહિત ઉસદડ




તસ્વીર : સમીર વિરાણી-બગસરા





અમરેલી, તા.૨૧

ગંભીર રોગોનું પ્રમાણ વધતાંસમાજનાએકતબક્કામાંપ્રાકૃતિક અને ઝેર મુકત ખાદ્ય ચીજ વસ્તુઓની ખાવાના આગ્રહીઓ વધ્યા છે, ત્યારે લોકોને સરળતાથી એક જ જગ્યાએથી પ્રાકૃતિકઢબેપકવેલીચીજવસ્તુઓમળી રહે તે માટે ખેડૂતોના એક સંગઠને બગસરામાંપ્રાકૃતિક કૃષિ મોલશરૂ કર્યો છે.

આ મોલમાં ઘઉં, હળદર તથામરચુંપાવડર, મગફળીનુંતેલ, મગ, તુવેર, ગીર ગાયનું ઘી, સરગવાની સિંગ તથા પાનનો પાવડર વગેરે પ્રાકૃતિક કૃષિથીઉત્પાદિતવસ્તુઓમળીશકશે.આ સાથે સખી મંડળની બહેનો દ્વારા હાથ બનાવટનાઅથાણા, પાપડ, સાબુ, શેમ્પૂ, હેર ઓઈલ, ફેસપેક વગેરે વસ્તુઓ મળી રહેશે. ઉપરાંત ખેડૂતોને ઉપયોગી વસ્તુઓ અને ઓજારો પણ મળી શકશે.

રાજયસરકારે પણપ્રાકૃતિક કૃષિનેપ્રોત્સાહનમળેતેમાટેસકારાત્મક અભિગમ સાથે પ્રોત્સાહક યોજનાઓ અમલમાં મૂકી છે. રાજયપાલ આચાર્ય દેવવ્રતજી પણ ખેડૂતો અને જન આરોગ્યના હિતને ધ્યાને લઈ સતત પ્રાકૃતિકકૃષિનીહિમાયતકરીરહ્યાછે, તેના પરિણામેઆજેરાજયમાંલાખોખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ અપનાવી છે.

આ મોલ શરૂ કરવા માટે પ્રેરકબળ બગસરાની જ વિ વાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટ અને અમદાવાદની એફડબલ્યુડબલ્યુબી નામની સંસ્થા રહી છે. ગ્રામ્ય ઉત્કર્ષ માટે કામ કરતી વિ વાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટે ખેડૂતોને સંગઠિત કરીને એફ.પી. ઓ. એટલે કે, ફાર્મસ પ્રોડયુસર ઓર્ગેનાઈઝેશન બનાવ્યું. ધરતી રક્ષા એગ્રો પ્રોડયુસરના નામહેઠળનોંધવામાંઆવ્યું.હાલમાંઆ ખેડૂત સંગઠન સાથે ૧૯૨ જેટલા ખેડૂતો નોંધાયેલા છે. તેમાંથી મોટાભાગના ખેડૂતોએપ્રાકૃતિક કૃષિ અપનાવી છે.

આમ, ધરતી રક્ષા પ્રાકૃતિક કૃષિ મોલથી ખેડૂતોના પ્રાકૃતિક ખેતી ઉત્પાદનોના વેચાણથી ખેડૂતોને પ્રોત્સાહન મળશે. સાથે જ લોકોને ભરોસાપાત્ર ઝેર મુકત ખાવાની ચીજ વસ્તુઓ એક જ જગ્યાએથી મળી રહેશે. ઉપરાંત સખીમંડળની બહેનો દ્વારા ઉત્પાદિતથતીવસ્તુઓનુંવેચાણથવાથી બહેનોનીસ્વરોજગારીમાં વૃદ્ધિ થશે.

બગસરાના બાળ કેળવણી મંદિરના પરિસરમાં કાર્યરતધરતીરક્ષા એગ્રોપ્રોડયુસરકંપનીછેલ્લાઆઠવર્ષથી પ્રાકૃતિક ખેતી અને ઝેર મુકત ખોરાકની જાગૃતિ માટે મથામણ કરી રહી છે, તેને આગળ વધારીને તા. ૧૯ જુલાઈથી બગસરામાં જૂના બસ સ્ટેન્ડ પાસે અને આંખની હોસ્પિટલ સામે ધરતી રક્ષા પ્રાકૃતિક મોલ શરૂ કરવામાં આવ્યો છે.

આ ધરતી રક્ષાપ્રાકૃતિક મોલનો સાધુ-સંતો, પૂજય વિવેક સ્વામી, પ્રફુલભાઈ સેંજળીયા, એફપીઓના પ્રમુખ અને વિ વાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટના દેવચંદભાઈ સાવલીયા, એફડબલ્યુડબલ્યુબી અમદાવાદના કુલદીપભાઈ દીક્ષિત, એફપીઓના ડાયરેકટરો, પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતો, સખીમંડળના બહેનો વગેરેની ઉપસ્થિતિમાં પ્રારંભ કરવામાં આવ્યો હતો.

---

### ધારાસભ્ય મહેશ કસવાલાનાં અધ્યક્ષ સ્થાને

## સાવરકુંડલામાં સ્વ. જયસુખભાઈ નાકરાણી માર્ગ નામકરણનો કાર્યક્રમ યોજાશે

### નગરપાલિકાનાં પ્રમુખ મેહુલ ત્રિવેદી ઉપસ્થિત રહેશે

સાવરકુંડલા, તા. ૨૨

સાવરકુંડલા ખાતેનગરપાલિકા દ્વારા તથા ધારાસભ્ય મહેશભાઈ કસવાળા ના અધ્યક્ષ સ્થાનેતથા નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદીના મુખ્ય મહેમાન પદે સાવરકુંડલા નગરપાલિકા પૂર્વઉપપ્રમુખ સ્વ. જયસુખભાઈ નાકરાણીની સુદીર્ઘ સેવાઓ અને મરણોત્તર સન્માન નિમિત્તે તેમની દ્વિતીય પૂણ્યતિથી નિમિત્તે તેમને ખરા અર્થમાં શ્રધ્ધાંજલી અર્પણ કરવાના શુધ્ધ ઉદ્દેશ્ય સાથે સ્વ. જયસુખભાઈ એન. નાકરાણી નામ જોગપીપરવાડીનો નવો રોડ જે બનાવ્યો છે તેનું નામકરણ કરવાનો કાર્યક્રમ પીપરવાડી રેલવે ફાટક ખાતે આવતીકાલેબપોરે ૪-૦૦વાગ્યેરાખવામાં આવેલ છે તેમ સાવરકુંડલા નગરપાલિકા તથા સ્વ. જયસુખભાઈ નાકરાણીના શુભેચ્છકો દ્વારા જણાવવામાં આવેલ છે. સ્વ. જયસુખભાઈ નાકરાણી ભાજપના એક કર્તવ્યનિષ્ઠ અને અડીખમ કાર્યકર્તા હતાં. તેની યાદને ચિરસ્થાયી સ્વરૂપ આપવાનો આ પ્રયાસ ખરેખર બિરદાવવા લાયક ગણાય. સાવરકુંડલા નગરપાલિકાના સદસ્ય સ્વ. જયસુખભાઈ નાકરાણીના નામે મુખ્ય માર્ગનું નામકરણ એ તેમના અઢારે આલમ પ્રત્યેના તેમના યોગદાન અને જનસેવાને એક સાચી શ્રદ્ધાંજલિ જ ગણાય. સ્વ.જયસુખભાઈ નાકરાણીએ પોતાના



કાર્યકાળ દરમિયાન લોકોના હૃદયમાં ખાસ સ્થાન મેળવ્યું હતું, અને આ નિર્ણય તેમની લોકપ્રિયતા અને લોકો પ્રત્યેના સેવા સમર્પણને દર્શાવે છે

સાવરકુંડલા નગરપાલિકા દ્વારા આ પગલું લઈને એક પ્રેરણાદાયી જનપ્રતિનિધિની યાદને ચિરસ્થાયી બનાવવામાં આવી છે. આ માર્ગનું નામકરણ નાગરિકોને તેમના કાર્યોની યાદ અપાવશે અને ભવિષ્યમાં પણ અન્ય નાગરિકો માટે સતત એક દીવાદાંડી સ્વરૂપે પ્રેરણાદાયી બનતું રહેશે.

---

## બગસરામાં શુક્રવારે વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ યોજાશે

બગસરા, તા. ૨૨

જેસિઝગ્રુપ બગસરા સંચાલિત શા. માણેકચંદ સા. ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે તા. ૨૬/૭/૨૦૨૫ના રોજ મરહુમ અબ્બાસભાઈ તથા ત્રવાડી, મરહુમ સકીયાબેન અબ્બાસભાઈ ત્રવાડી, મરહુમ કેઝારભાઈ અબ્બાસભાઈ ત્રવાડીના સ્મરણાર્થે હાતીમભાઈ તથા નૌશાદભાઈ ત્રવાડી પરિવારના સૌજન્યથી ૬૨૩મો વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ રણછોડદાસજી બાપુ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટ સહકારથી રાખવામાં આવેલ છે. આ કેમ્પમાં મોતિયાના ઓપરેશનની જરૂરીયાતવાળા દર્દીઓને વિનામુલ્યે ઓપરેશન કરી નેત્રમણી બેસાડી દેવામાં આવશે.

ઓપરેશન માટે જનાર તમામ દર્દીઓની જમવાની વ્યવસ્થા કાયમી દાતા બગસરાના વતની સુરેશભાઈ રાયઠઠ્ઠા પરિવાર મુંબઈના સહયોગથી કરવામાં આવશે. કેમ્પમાં ભાગ લેવા ઈચ્છતા દર્દીઓને આધારકાર્ડ નકલ સાથે રાખી કેમ્પના દિવસ ૨૫/૭/૨૦૨૫ને શુકવારના રોજ સવારે ૯ કલાકે આંખની હોસ્પિટલ ખાતે હાજર રહેવા પ્રમુખ પ્રકાશભાઈ રાણીગાની યાદીમાં જણાવેલ છે.

---

## અમરેલી ખાતે દિવ્યાંગ શરાફી અને ગ્રાહક મંડળની બેઠક યોજાઈ





અમરેલી, તા. ૨૨

અમરેલી જીલ્લા દિવ્યાંગ શરાફી અને ગ્રાહક સહકારી મંડળીની ડો. બાબા આંબેડકર હોલ ખાતે દિવ્યાંગ લોકોની ગુજરાતમાં પ્રથમ મંડળી બની હતી અને આ મંડળીમાં સૌપ્રથમવાર આ એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે દિવ્યાંગ લોકોને લોન આપી આર્થિક સહાય કરવી અને દિવ્યાંગ લોકોને પગભર કરવા માટેનું આયોજન અમરેલી મુકામે કરવામાં આવ્યું હતું. આ તકે ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, અમર ડેરીના સહકારી ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા તેમજ મુન્નાભાઈ રાઠોડ અને એડવોકેટ ભરતભાઈ કાતરીયા શારદાબેન હરેશભાઈ ગંગલ, ભરતભાઈ બારોટ તેમજ વિજયભાઈ, કાજલબેન, અલકાબેન, મયુરીબેન, ચંપાબેન વગેરે લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા અને આ મંડળી આગળ જતા તરકી કરે અને અમરેલીના ૧૧ તાલુકામાં મંડળીઓ ખુલે અને મોટી સંખ્યામાં દિવ્યાંગો જોડાય ગુજરાતમાં ૧૧ લાખ દિવ્યાંગો હોય અને અમરેલી જિલ્લામાં ૧૨,૦૦૦થી પણ દિવ્યાંગ લોકો હોય આ મંડળીમા વધારેમાં વધારે દિવ્યાંગ લોકો જોડાય તે માટે માર્ગદર્શન દિલીપભાઈ સંઘાણી અને ભરત કાતરીયાએ ઊંડાણપૂર્વક આપેલું હતું.

---

### જિલ્લાના લાભાન્વિત નાગરિકોને રૂ. ૧૭,૪૪,૭૭૪ સહાય ચૂકવણી

## અમરેલી જિલ્લામાં આરોગ્ય સેવાઓને જનજન સુધી પહોંચાડવાનો અહર્નિશ પ્રયાસ

### જાન્યુઆરીથી જૂન-૨૦૨૫ સુધી ૪૦,૦૬૧ નવા કાર્ડ કાઢવામાં આવ્યા

અમરેલી, તા.૨૨

સ્વસ્થ નાગરિક અને સ્વસ્થ સમાજએ રાષ્ટ્રની સૌથી મોટી મૂડી છે. કેન્દ્ર અને રાજય સરકારની આરોગ્યલક્ષી અસરકારક કામગીરી અને સ્વાસ્થ્યને લગતી કલ્યાણકારી યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે રાજયનો આરોગ્ય વિભાગ સતત કાર્યરત છે.અમરેલી જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા રાજયસરકાર અને કેન્દ્ર સરકારની યોજનાઓનો લાભ જનજન સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રી અમૃતમ અને મા વાત્સલ્ય યોજનાનું પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY)માં રૂપાંતરણ થયું છે. જિલ્લામાં જાન્યુઆરી-૨૦૨૫થી જૂન-૨૦૨૫ દરમિયાન ૪૦,૦૬૧ નવા કાર્ડ કાઢવામાં આવ્યા છે. પરિવારદીઠ રૂ.૫ લાખની સહાય વધારીને રૂ.૧૦ લાખ સુધીની આરોગ્ય સુવિધા લોકોને વિનામૂલ્યે મળી રહેશે.

જિલ્લામાં ૬૯૩ આરોગ્ય કેન્દ્રો ખાતે, KIOSK સેન્ટર ખાતે આ કાર્ડ કાઢવાની કામગીરી શરૂ છે. ચાલુ વર્ષ દરમિયાન ૨૩,૦૭૬ નાગરિકોને રૂ.૩૬.૬૮ કરોડના ખર્ચે આ યોજનાનો લાભ આપવામાં આવ્યા છે.અમરેલી જિલ્લામાં પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના અન્વયે અમરેલી જિલ્લામાં ચાલુ વર્ષે ૭૯૩ લાભાર્થીઓને રૂ.૩૯,૬૫,૦૦૦ની ચૂકવણી કરવામાં આવી છે. જનની શિશુ સુરક્ષા યોજના અંતર્ગત લાભાર્થીઓને રૂ.૧૭,૪૪,૭૭૪ ચૂકવવામાં આવી છે.નિરામય ગુજરાત અંતર્ગત બિનચેપી રોગોનું સ્ક્રિનીંગ કરવામાં આવતા ૧,૨૧,૭૯૦ નાગરિકોએ તેનો લાભ મેળવ્યો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૨,૫૦,૧૦૧ આયુષમાન ભારત હેલ્થ એકાઉન્ટ (આભા) કાર્ડ કાઢવામાં આવ્યા છે.વર્ષ ૨૦૨૫ દરમિયાન પી.એચ.સી દલખાણીયા, જીરા, સીમરણ તથા સબ સેન્ટરના નવા બિલ્ડીંગ બનાવવા માટે હાલ કામગીરી પ્રગતિ હેઠળ છે. અમરેલી જિલ્લામાં વર્ષ દરમિયાન ૩૮ આયુષ્યમાન આરોગ્ય મંદિરને નેશનલ ક્વોલિટી એસ્યોરન્સ સ્ટાન્ડર્ડ (NOAS) સર્ટિફીકેટ મળ્યા છે.આમ, અમરેલી જિલ્લામાં આરોગ્ય સેવાઓને જનજન સુધી પહોંચાડવાનો અહર્નિશ પ્રયાસ કરવામાં આવ્યો છે.

**આલેખન : જય મિશ્રા**

---

### ભાજપનાં રાજમાં જનતા અસુરક્ષિત

## રાજુલા-જાફરાબાદ પંથકમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ મજબુત કરો : વરૂ

### દારૂનાં દુષણને ડામી દેવા માંગ

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ ટીકુભાઈ વરૂએ રાજુલા-જાફરાબાદ પંથકમાં કથળેલી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને મજબુત કરવા દારૂ, દાદાગીરી જેવી



પ્રવૃતિને ડામી દેવા માંગ કરી છે.

વધુમાં જણાવેલ છે કે, તમામ જાહેર સ્થળોએ સીસીટીવી કેમેરા લગાવો, દારૂની સાથે તાડીના દુષણને ડામવા સહિતની માંગ કરેલ છે.

---

# અમરેલી ખાતે પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્ષમાં વર્તમાન વિકાસ સ્થિતિ અને વિકસિત પંચાયતના રોડમેપ સંદર્ભે વર્કશોપ યોજાયો









દરેક ગ્રામ પંચાયત વિકાસશીલ ગ્રામ પંચાયતથી વિકસિત ગ્રામપંચાયત બનવા તરફ પ્રગતિ કરે તે માટે પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્ષમાં વિવિધ થીમ અન્વયે વિકાસકામોનું મૂલ્યાંકન કરવામાં આવે છે. આ ઈન્ડેક્ષ મલ્ટી ડોમેન અને મલ્ટી સેકટરલ ઈન્ડેક્ષ છે. જેનો ઉપયોગ પંયાયતોના એકંદર સર્વગ્રાહી વિકાસ, કામગીરી અને પ્રગતિનું મૂલ્યાંકન કરવામાં આવે છે. ઉપરાંત આ ઈન્ડેક્ષ પંચાયતના અધિકારક્ષેત્રમાં સ્થાનિક સમુદાયોની સુખાકારી અને વિકાસની સ્થિતિને માપવા માટે વિવિધ સામાજિક-આર્થિક સૂચકાંકો અને પરિમાણોને ધ્યાને લે છે. અમરેલી જિલ્લા પંચાયત ખાતે જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયાના અધ્યક્ષ સ્થાને આજરોજ પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્ષમાં પંચાયતની વર્તમાન વિકાસ સ્થિતિ, વિકસિત પંચાયત માટે આગામી સમયના રોડમેપ સંદર્ભે વર્કશોપ યોજાયો હતો. આ વર્કશોપમાં જિલ્લા વિકાસ અધિકારીએ જિલ્લા પંચાયત હેઠળની વિવિધ શાખાના અધિકારીઓને માહિતી-માર્ગદર્શન પુરૂં પાડયું હતુ. પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્ષ પોર્ટલમાં જુદી જુદી નવ થીમ નક્કી કરવામાં આવી છે. જેમાં ગરીબી મુક્ત અને ઉન્નત આજીવિકા પંચાયત, સ્વસ્થ પંચાયત, બાળ મૈત્રીપૂર્ણ પંચાયત, પૂરતું પાણી ધરાવતી પંચાયત, સ્વચ્છ અને હરિયાળી પંચાયત, આત્મનિર્ભર માળખાગત સુવિધાઓ ધરાવતી પંચાયત, સામાજિક રીતે ન્યાયી અને સુખી પંચાયત, સુશાસન સાથે પંચાયત, મહિલા મૈત્રીપૂર્ણ પંચાયત સમાવિષ્ટ છે. આ તમામ થીમ અન્વયે દરેક પંચાયતોને જુદા જુદા સૂચકઆંકો હેઠળ વિકાસલક્ષી કામોને લઈને રેન્કિંગ આપવામાં આવે છે. પી.એ.આઈ માટેના વિષયવાર સુચકાંકો અન્વયે સ્કોરના આધારે દરેક ગ્રામ પંચાયતનું બિગીનર, એસ્પિરન્ટ, પરફોર્મર, ફ્રન્ટ રનર અને અચીવર કેટેગરીમાં વર્ગીકરણ કરવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લાની તમામ ગ્રામ પંચાયતોમાંથી મોટાભાગની ગ્રામ પંચાયતો એસ્પિરેન્ટ અને પરફોર્મર કેટેગરીમાં છે. વર્કશોપમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી અર્પણ ચાવડા દ્વારા પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્ષમાં મહત્વની ૯ થીમ અન્વયે વિસ્તૃત પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતુ. વર્કશોપમાં પંચાયતની વર્તમાન સ્થિતિ અને ભવિષ્યના રોડમેપને લઈને આયોજનબદ્ધ રીતે કરવાની થતી કામગીરી માટે મહત્વની બાબતો વિષયક ચર્ચાવિચારણા કરવામાં આવી હતી. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, પ્રાથમિક શિક્ષણ નાયબ શિક્ષણાધિકારી સ્વચ્છ ભારત મિશન જિલ્લા કો-ઓર્ડિનેટરે ક્રમશ આરોગ્ય, શિક્ષણ અને સ્વચ્છતા વિષય બાબતે વિવિધ કામગીરીને લઈને માહિતી-માર્ગદર્શન આપ્યુંહતુ. અમરેલી જિલ્લા પંચાયત ખાતે આયોજિત પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્ષ વર્કશોપમાં જિલ્લા પંચાયત ઉપપ્રમુખ સુરેશભાઈ પાથર, જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિ ચેરમેન ભીખાભાઈ, આરોગ્ય સમિતિ ચેરમેન અશ્વિનભાઈ કુંજરીયા, જિલ્લા પંચાયત સભ્ય સર્વ પ્રતાપભાઈ કોઠીવાળ, જીતુભાઈ ડેર, પ્રવીણભાઈ માંગરોળિયા, સુપરન્યુમરરી આસિસ્ટન્ટ કલેકટર અતુલ સિંઘ, જિલ્લા પંચાયત વિવિધ શાખાના અધિકારીઓ સહિતના પદાધિકારી અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પાલિકા, રાજય સરકાર અને કેન્દ્ર સરકારનાં મળી ૩–૩ એન્જિન છતાં

# અમરેલીનાં શહેરીજનોને ત્રિપલ એન્જિન છતાં સુવિધાનો અભાવ

**આઝાદીનાં ૭૭ વર્ષ બાદ પણ દોઢ લાખની જનસંખ્યાને દરરોજ પીવાનું પાણી મળતું નથી**

**શહેરમાં અનેક સ્ટ્રીટલાઈટ બંધ, માર્ગ ખાબડ–ખુબડ અને ઠેર–ઠેર ગંદકીનો માહોલ જોવા મળે**

**જાહેર માર્ગોથી લઈને રહેણાંક વિસ્તારમાં રખડતા પશુઓની પણ સમસ્યા વિકરાળ**

**શહેરીજનો ખોબલે–ખોબલે સતત ભાજપને મત આપે ને બદલામાં મળે પરેશાની**



અમરેલી, તા. ૨૨

અમરેલી એ જિલ્લાનું મુખ્ય મથક છે. શહેરની જનસંખ્યાનો આંક દોઢ લાખને પહોંચવા જઈ રહ્યો છે. મુખ્ય મથકમાં ટોચનાં પદાધિકારીઓ અને અધિકારીઓનાં નિવાસ સ્થાન અને આવન–જાવન હોવા છતાં શહેરમાં આજે જિલ્લાકક્ષાનાં શહેર જેવી સુવિધાનો અભાવ સ્પષ્ટ જોવા મળી રહ્યો છે.

શહેરીજનોને સુવિધા આપવા માટે પાલિકા, રાજય સરકાર અને કેન્દ્ર સરકારમાં એકજ પક્ષનાં ત્રિપલ એન્જિન લાગેલ હોવા છતાં શહેરની મહિલાઓને દરરોજ પીવાનું પાણી વિતરણ કરવામાં આવતું નથી.

તદુઉપરાંત શહેરમાં માર્ગોમાં ઠેકઠેકાણે ગાબડા, ભૂગર્ભ ગટરનાં ઢાંકણા તૂટી જવા, મનફાવે ત્યાં સ્પીડબ્રેકર હોવાથી શહેરીજનોને વાહન ચલાવવામાં પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે અને જાહેર માર્ગો, ફૂટપાથ ઉપર રેંકડીધારકો અને કેબિન ધારકો ધ્વારા થતું દબાણ પણ પરેશાની ઉભી કરે છે.

શહેરમાં રહેણાંક ગલીઓથી લઈને જાહેર માર્ગોની અનેક સ્ટ્રીટ લાઈટ હંમેશા બંધ જોવા મળી રહી છે. લાઠી માર્ગ ઉપર ટેકનીકલ કોલેજથી શરૂ કરીને છેક લાલાવાવ હનુમાન સુધીની એક સાઈડ સ્ટ્રીટલાઈટ બંધ છે. તો ચિતલ રોડ ઉપર દત્ત મંદિરથી એરપોર્ટ સુધીની મોટાભાગની સ્ટ્રીટલાઈટ વર્ષોથી બંધ

અનુસંધાન પાના ૬ ઉપર

### ઓડિસામાં બનેલ ઘટનાને લઈને રોષ

## અમરેલીમાં અખિલ વિદ્યાર્થી પરિષદ દ્વારા NSUIનાં પ્રમુખનાં પુતળાનું દહન

**જવાબદાર ઈસમ સામે કાર્યવાહી કરવામાં માંગ**

લીલીયા, તા. ૨૨

અમરેલી એ.બી.વી.પી.ના નગર મંત્રી ઉદય સતાણી તેમજ નગર સહમંત્રી રૂદ્ર રાજયગુરૂની આગેવાનીમાં ભુવનેરની હોટલમાં થયેલ જઘન્ય કૃત્યને લઈ વિરોધ પ્રદર્શન કરાયું. જેમાં નેશનલ સ્ટુડન્ટસ યુનિયન ઓફ ઈન્ડિયા (એનએસયુઆઈ) ના ઓડિશા એકમના

અનુસંધાન પાના ૬ ઉપર



### જો જનતા જાગે તો તંત્રલક્ષી દરેક સમસ્યા ભાગે

## ચલાલામાં અનિયમિત વીજ વિતરણથી વીજ ગ્રાહકોએ હંગામો મચાવતાં તંત્ર દોડયુ

**શહેરીજનો દરેક પ્રશ્ને જાગૃત બને તો બેડો પાર**

ચલાલા, તા. ૨૨

ચલાલા શહેરમાં છેલ્લા ઘણાં સમયથી પરા શાળા પાસેનાં વિસ્તારમાં આપાજોગા ચોક ગધ્ધઈ શેરી મુળીમાંની જગ્યા વાળી શેરી, લીલાધર શેરી, પટેલ શેરી, રાવળ શેરી, ભટ્ટ શેરી સહિત સમગ્ર મોચી બજારમાં છેલ્લા ઘણાં સમયથી પીજીવીસીએલની ગંભીર બેદરકારીને કારણે વારંવાર લાઈટ ફોલ્ટ થતાં વીજ પુરવઠો બંધ થઈ જવો, પાવર વધઘટ થતાં ઈલેકટ્રોનિક ઉપકરણો બળી જવા, વારંવાર કેબલમાં આગ લાગવી સહિતનાં અનેક ગંભીર પ્રશ્ન સર્જાતા અને આ જ વિસ્તારમાં પરાશાળા અને ભુવાશાળાનાં અંદાજે સાતસો ભુલકાઓ અભ્યાસ કરે છે. તેટલું જ નહી પણ રાતદિવસ

અનુસંધાન પાના ૬ ઉપર



### મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરવામાં આવી

## ચલાલામાં કાયમી ચીફ ઓફિસરનાં અભાવે વિકાસકાર્યો ટલ્લે ચડે છે

**કાયમી ચીફ ઓફિસરની નિમણુંક કરવા માંગ**

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લાનાં હાર્દસમા અને ચાલીસ હજારની માનવવસ્તી ધરાવતું પવિત્ર યાત્રાધામ ચલાલા શહેરમાં છેલ્લાં ઘણાં વર્ષોથી કાયમી ચીફ ઓફિસર ન હોવાથી શહેરીજનોને તથા શહેરના વિકાસ કાર્યોમાં અનેક અડચણો ઉભી થઈ રહી છે ત્યારે હાલ ચલાલા નગરપાલિકામાં રીટાયર્ડ નાયબ મામલતદાર કોન્ટ્રાકટ બેઝ ઉપર છે ત્યારે વયોવૃદ્ધ ચીફ ઓફિસર અતી સરળ લાગણીશીલ સ્વભાવના હોય અને પોતે ચાલીસ હજાર માનવીઓનાં નિમાયેલા સરકારી પ્રતિનિધિ હોવાં છતાં ઘણાં નિર્ણયો

અનુસંધાન પાના ૬ ઉપર

### એસ.ટી. ડેપોની ઘોર બેદરકારી

## બગસરા : ૪૧ જેટલાં કંડકટરની ભરતી છતાં હજુ પણ ૧૦ જેટલાં રૂટ બંધ

**નવા રૂટ ચાલુ કરવાના બદલે જુના રૂટ પણ બંધ**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૨

છેલ્લા ઘણા વર્ષો થી એસ.ટી. નિગમને સ્ટાફની અછત હતી જે સરકાર દ્વારા પાંચ દિવસથી પુરી કરવામાં આવી છે. સરકાર દ્વારા જે કંડકટરની ઘટ હતી તે પુરી કરવામાં આવી છે જયારે અમરેલી જિલ્લામાં

અનુસંધાન પાના ૬ ઉપર

### નશાની હાલતમાં સુતા હોય તે સમયે

## સાવરકુંડલાના નેસડી ગામે શ્રમિક યુવક ધાબા પરથી પડી જતાં મોત

**પગમાં ગંભીર ઈજા જવાથી થયું મોત**

અમરેલી, તા. ૨૨

મધ્યપ્રદેશન વતની અને હાલ સાવરકુંડલા તાલુકાના નેસડી ગામે રહેતા ફતેસીંગ ટીમુસીંગ મહેડા નામના ૩૨ વર્ષિય શ્રમિક યુવક ગત તા. ૧૯ના રોજ રાત્રે ૯ વાગ્યે નેસડી ગામની સીમમાં ભાગવી રાખેલ વાડીએ પાળી વિનાના ધાબા પર નશાની હાલતમાં સુતા હોય અને ધાબા પરથી નશાની હાલતમાં નીચે પડી જતા બન્ને પગમા ઈજા થતા સારવાર દરમ્યાન તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### વિશાળ કંપનીનાં સેવા આપવામાં ઠાગાઠૈયા

## લીલીયા મોટામાં જિયોનું નેટવર્ક ઠપ્પ થતા ગ્રાહકોમાં ભારે રોષ

**૩ કલાક સુધી નેટવર્ક ઠપ્પ થતાં પરેશાની**

લીલીયા, તા. ૨૨

લીલીયા મોટામાં અંદાજે બપોરના ૧૨:૪૫ કલાકની આસપાસ જીયો ઈન્ટરનેનું નેટવર્ક ઠપ્પ થયું હતું. જિયોનું નેટવર્ક ઠપ્પ થતા કિંમતી મોબાઈલો થયા રમકડા જિયોના નેટવર્ક પ્રોબ્લેમના કારણે અનેક કામો અગત્યના ફોન કોલ તેમજ ઓનલાઈન પ્રેમેન્ટ કરનાર ગ્રાહકો રઝળી પડયા થોડા દિવસો પેહલા પણ જિયોનું નેટવર્ક થયું હતું ગાયબ જિયો કસ્ટમરમાં નેટવર્ક પ્રોબ્લેમને લઈને ભારે નારાજગી હાલ ઈન્ટરનેટ લોકોના જીવનનું અમૂલ્ય અંગ બની ગયું હોય. ત્યારે અવાર નવાર આવા નેટવર્ક પ્રોબ્લેમ સર્જાતા ગ્રાહકો જિયોની સર્વિસથી થયા નારાજ આશરે ૩ કલાક સુધી જિયોનું નેટવર્ક બંધ રહેતા અનેક અગત્યના કામો ફોન કોલ સહિત અનેક અગત્યની પ્રવુતિઓ રઝળી પડતા જિયોના ગ્રાહકોમાં ભારે નારાજગી જોવા મળી હતી. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.





અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૬૦૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
89,700/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૨/૦૭/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ કેટરર્સ
The King of catering service
સ્પે. ગુજરાતી થાળી
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૬૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફુટ ચુરમાનાં લાડુ
અને શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે. બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી. હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ Mo. 80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)